સુવિચાર
એકાગ્રવૃત્તિ કેળવવા માટે પ્રાતઃકાળનો સમય આદરણીય છે. કેમ કે તે વખતે જગત નિઃસ્તબ્ધ હોઈ બધે શાંતિ ફેલાઈ રહી હોય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૬/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ સુદ-૫ વર્ષ : ૧૫ અંક : ૧૫૩



ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિધા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧



ઈમરજન્સી સારવાર
૨૪x૭
»» હૃદયરોગ - બીપી
»» શ્વાસ - દમ - ન્યુમોનિયા
»» પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
»» પોઈઝન - સર્પદંશ
»» ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૯૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૯૨ ૬૩૦૦


## છેલ્લા ૧૦૦ દિવસથી અસહ્ય ગરમીનો સામનો કરનાર જનતા જનાર્દનમાં ખૂશીનો માહોલ

# મેઘા રે મેઘા : અમરેલી જિલ્લામાં મેઘરાજાનું જાજરમાન આગમન

**રવિવારે બપોર બાદ બાબરા, લાઠી, ધારી, લીલીયા, બગસરા અને ખાંભામાં સામાન્યથી લઈને ભારે વરસાદ**

**બાબરાથી ધરાઈ ગામ સુધીનાં માર્ગમાં એકથી દોઢ કલાકમાં ૩ ઈંચ વરસાદ**

**બાબરાનાં ત્રંબોડા ગામે બોલેરો જીપ તણાઈ જતાં ચાલકનો મૃતદેહ મળી આવ્યો**

**જગતાત ગણાતા ખેડૂતોમાં મેઘરાજાનાં આગમનથી આંનદનો માહોલ ઉભો થયો**



અમરેલી, તા. ૧૦
અમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાતાવરણ પલ્ટો આવી જતાં જિલ્લાના અનેક ભાગમાં હળવાથી લઈ ત્રણ ઈંચ વરસાદ પડી જવા પામેલ છે. ત્યારે હજુ સત્તાવાર ચોમાસાની ૠતુ શરૂ પણ નથી થઈ ત્યાં એક ફોર વ્હીલ તણાઈ જતાં એકનું મોત થવા પામેલ છે. બાબરામાં ગઈકાલે બપોર બાદ ભારે પવન સાથે ધોધમાર વરસાદનું

અનુસંધાન પાના ૬ ઉપર

### એકલવાયા જીવનથી કંટાળીને

## અમરેલીનાં જેશીંગપરામાં રહેતા આધેડે ગળાફાંસો ખાઈ લીધો

**ઘરનાં ગેરેજની છત પર દોરી બાંધી અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૧૦
અમરેલીનાજેસીંગપરાશેરી નં. ૩ માં રહેતા મોહીતભાઈ હરીભાઈ દેવમુરારી નામનાં ૫૩ વર્ષિય આધેડને આશરે ૨૫ વર્ષ પહેલા પેરાલીસીસનો આચકો આવ્યા હોય અને બાદમાં ડાબા અંગથી પેરેલાઈઝ થઈ ગયા હતા અને લગ્ન થયા બાદ તરત છુટાછેડા થવાથી ૩૨ વર્ષથી એકલવાયુ જીવન જીવતા હોય. જેના લીધે પોતે કંટાળીને પોતાના ઘરે આવેલ ગેરેજમાં છતના લોખંડના પાઈપ સાથે ખાટલા ભરવાની વાણની દોરી બાંધી નીચે ખુરશી રાખી પોતે પોતાની મેળે તા. ૯ ના સાંજે ૪:૫૫ પહેલા અમરેલી જેસીંગપરા શેરી નં. ૩ ખાતે ગળાફાંસો ખાઈ જવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## અમરેલીનાં તત્કાલીન અને વલસાડના વર્તમાન કલેકટર આયુષ ઓકને સસ્પેન્ડ કરી દેવાયા

અમરેલી, તા. ૧૦
અમરેલીમાં કોરોના કાળ વખતે કલેકટર તરીકે ફરજ બજાવીને બાદમાં સુરત અને હાલ વલસાડ ખાતે કલેકટર તરીકે ફરજ બજાવતા આયુષ ઓકને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.
તેઓએ સુરતનાં કલેકટરની ફરજ દરમિયાન ડુમસ વિસ્તારની જમીનમાં કોઈ કૌંભાડ કર્યાની આશંકાથી તેમને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હોય તેઓની અમરેલી ફરજ દરમિયાન પણ જે ફાઈલ કલીયર થઈ છે તેની તપાસ થાય તો કડાકા-ભડાકાનાં એંધાણ જોવા મળી રહયા છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
62,850/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૦/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



NCT CANDOR
IVF CENTER
WE ARE HIRING
Receptionist
Staff Nurse
JOIN NOW
Send your resume
7984691227
Time: 9 to 2 & 5 to 8
Address :
Gol Hospital, Chittal road, Amreli



IFB
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
IFB ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASY EMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૭૪ ૫૯૫૪૭



હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/- થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

## શાસકો દાયકાથી માત્રને માત્ર આશ્વાસન આપીને સંતોષ માને છે

# અમરેલી જિલ્લાનાં સાગર ખેડૂઓની સમસ્યા કોઈ દૂર કરતું નથી

**જિલ્લાનાં દરિયાકાંઠે ૮૦૦થી ૯૦૦ બોટ દ્વારા માચ્છીમારીનો વ્યવસાય કરવામાં આવી રહ્યો છે**

**બુમ્બલા નામની માછલીની વિદેશમાં મોટા પ્રમાણમાં નિકાસ થતાં વિદેશી હુંડિયામણ પણ મળે છે**

**સાગરખેડૂ ગણાતા માચ્છીમારોનાં આરોગ્ય અંગે સરકાર દ્વારા મહત્વની કોઈ કામગીરી થતી નથી**

**જનપ્રતિનિધિઓએ સાગરખેડૂઓનો લોકદરબાર યોજીને જે કોઈ સમસ્યા હોય તેનું નિરાકરણ કરવું જોઈએ**



ફાઈલ તસ્વીર

જાફરાબાદ, તા. ૧૦

જાફરાબાદ એક ધમધમતું બંદર છે. આ બંદરમાં અંદાજે ૮૦૦થી ૯૦૦ બોટો માચ્છીમારી કરે છે. આ બંદરમાં માચ્છીમારી કરતા લોકોની સંખ્યા મોટા પ્રમાણમાં છે. આ બંદર(બુમ્બલા) એટલે બોમ્બેડગ માછલીનું મહત્વનું કેન્દ્ર છે. જાફરાબાદ ધમધમતો માચ્છીમારી ઉદ્યોગ રાજય અને કેન્દ્ર સરકારને વર્ષે કરોડો રૂપિયાનું હુંડિયામણ કમાવી આપે છે. પરંતુ સરકાર સાગરખેડૂઓની પાયાની સુવિધાઓ પણ આપવામાં નિષ્ફળ નીવડી છે. અહીં આવેલ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી કે જે સાવ જર્જરિત હાલતમાં છે. આ ફિશરીઝ કચેરી જિલ્લા કક્ષાની કચેરી હોવા છતાં પણ નવનિર્માણ થતું નથી. આ કચેરીમાં આવતા બંદરો નવાબંદર, સૈયદ રાજપરા, સિમર, શિયાળબેટ, જાફરાબાદ અન્ય મહત્વના બંદરોનો તેમાં સમાવેશ થાય છે. પરંતુ આ કચેરીમાં મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની જગ્યા પર ખાલી છે. હાલમાં તો માચ્છીમારી સિઝન બંધ હોય આ કચેરીનું નવનિર્માણ કયારે કરવામાં આવશે. તાઉતે વાવાઝોડા દરમિયાન કચેરીની ફરતે આવેલ કમ્પાઉન્ડની દિવાલો વેરવિખેર હાલતમાં હોય આ કચેરીનું નવું બાંધકામ થતું નથી. જાફરાબાદ બંદરને આધુનિક ફિશરીઝ કચેરી કયારે બનશે તેવા અનેક પ્રશ્નો માચ્છીમારો ના છે. જાફરાબાદની આર્થિક જીવાદોરી સમાન માચ્છીમારી ઉદ્યોગ રાજય અને કેન્દ્ર સરકારને દર વર્ષે કરોડો રૂપિયાનું વિદેશી હુંડિયામણ કમાવી આપે છે. પરંતુ એજ માચ્છીમારી ઉદ્યોગને પાયાની સુવિધા આપવામાં પણ રાજય સરકાર ઉદાસીન છે. બંદર વિસ્તારમાં તેઓને ફાયર સેફટીની કોઈ જ સુવિધા આપવામાં આવી નથી તેથી આ વિસ્તારમાં અનેક વખત આગના બનાવ બને છે. ત્યારે વાહનથી માંડીને ફિશિંગ બોટો સળગીને રાખ થઈ ગઈ છે. તેમ છતાં જવાબદાર તંત્ર આ મુદ્દે પણ ગંભીર બન્યું નથી. નાના મોટા આગના બનાવ બને ત્યારે આ વિસ્તારથી દુર આવેલ કંપનીના ફાયરબ્રિગેડ બોલાવવામાં આવે છે. પરંતુ કંપનીના ફાયર ફાઈટરને સમયસર પહોંચવામાં મોડું થઈ જાય તો આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લે છે. તેના કારણે બોટ માલિકોને ખુબ મોટી નુકસાની વેઠવી પડે છે. તેથી આ બંદર વિસ્તારમાં ફાયર ફાઈટર જેવી પાયાની સગવડ ઉપલબ્ધ કરાવવા માટે સરકાર તંત્ર વહેલીતકે યોગ્ય વ્યવસ્થા કરી આપવી જોઈએ બંદરની ખાંડી તાઉતે વાવાઝોડા દરમિયાન સાવ બૂરાઈ ગઈ હોવાથી બોટો બહાર દરિયામાંથી માચ્છીમારી કરી કાંઠે આવતા મહામુસીબતે જેટી સુધી પહોંચવા મુશ્કેલી વેઠવી પડતી હોય છે. આ બાબતે ડ્રેઝિંગનો અભાવ જોવા મળી રહ્યો છે. તો તંત્ર દ્વારા હાલમાં માચ્છીમારી સિઝન બંધ હોય ડ્રેઝિંગની કામગીરી ચાલુ કરવામાં આવે બંદર વિસ્તારમાં સાફસફાઈનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. ચારેબાજુ ખદબદતી ગંદકીને લીધે પણ અનેકવિધ સમસ્યાનો સામનો કરવો પડે છે. સૌથી મહત્વની બાબત કે તંત્ર દ્વારા વિસ્તારમાં અનેક બંદર વિસ્તારોમાં વ્યવસ્થિત સફાઈ થતી ન હોવાને લીધે રોગચાળાનો ભય જોવા મળી રહ્યો છે. અહીં શૌચાલયની સુવિધા પણ ન હોવાને લીધે માચ્છીમારો હેરાન પરેશાન બની જાય છે. એક બાજુ રાજય સરકાર ૧૦૦% શૌચાલય યુકત જિલ્લો હોવાની વાતો કરે છે. પરંતુ બીજી બાજુ શૌચાલય જેવી પ્રાથમિક સુવિધા આપવામાં પણ જવાબદાર તંત્ર બેદરકાર છે. મધદરિયે માચ્છીમારી દરમિયાન સાગરખેડૂઓને નાના મોટા અકસ્માત કે પછી હાર્ટએટેક જેવી ગંભીર બીમારી કે અકસ્માત સર્જાય ત્યારે તેઓને ઈમરજન્સી તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવી પડે છે. પરંતુ સમયસર પ્રાથમિક સારવાર મળતી નહીં હોવાને કારણે તેનાથી પરિસ્થિતિ વધુ ગંભીર બની જાય છે. આ પ્રકારના અસંખ્ય બનાવો અત્યાર સુધીમાં બની ચૂકયા હોવા છતાં રાજય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા સ્પીડ બોટ ઈમરજન્સી મેડિકલ એમ્બ્યુલન્સ આજદિન સુધી ફાળવણી કરવામાં આવી નથી. આ બાબતે ગુજરાત હાઈકોર્ટે દ્વારા નં. ૮૯/૨૦૧૭ગી રાજય સરકારને હુકમ કરેલ હોવા છતાં પણ આજદિન સુધી ૧૦૮ દરિયાઈ એમ્બ્યુલન્સ સ્પીડ બોટ ફાળવણી કરવામાં આવી નથી. અનેક સુવિધાઓ બંદરને આપવામાં સરકારની ઉદાસીનતા અનેક સુવિધાઓ જાફરાબાદ બંદર ઝંખી રહ્યો છે.

## રેલ્વે સ્ટેશન વિસ્તારમાં પગપાળા જતાં યુવકની

# સાવરકુંડલામાં નજર ચુકવીને મોબાઈલ લઈ જનાર ઈસમની અટકાયત થઈ

**આરોપી વિજય રાઠોડ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**



સાવરકુંડલા,તા. ૧૦

સાવરકુંડલા ખાતે ગત તારીખ ૪/૫ નાં રોજ રેલ્વે સ્ટેશન પાસે મોબાઈલ ચોરીનો બનાવો બન્યો હતો. જેમાં તા. ૪/૫ની રાત્રિના નવ વાગ્યે કિશન મુકુન્દરાય રૂપારેલ નામનો યુવાન રેલ્વેસ્ટેશન વિસ્તારથી પગપાળા ચાલીને પોતાના ઘર તરફ આવી રહ્યો હતો ત્યારે આરામગૃહના ખૂણા પાસે ઊભેલા બે વ્યકિતઓએ કિશનને અટકાવી અમારૂં પાકીટ ખોવાયું છે તે તારી પાસે છે તેમ કહી કિશનની નજર ચુકવી તેનો મોબાઈલ ચોરી લીધો હતો અને બંને શખ્શો મોટરસાયકલ પર ફરાર થઈ ગયા હતા. જે તે સમયે કિશન રૂપારેલે પોતાનો મોબાઈલ ચોરાયાની ઈ.એફ. આઈ. આર. નોંધાવતા પોલીસ અધિક્ષક હિમકરસિંહે મિલ્કત સબંધી ગુન્હાનો ભેદ ઉકેલવા સૂચના આપેલ હોય. વિભાગીય પોલીસ અધિક્ષક વલય વૈદ્યનાં માર્ગદર્શન નીચે ટાઉન પી. આઈ. એ. એમ. પરમારની રાહબરી નીચે પોલીસ ટીમે તપાસ આરંભી ચોક્કસ બાતમીના આધારે સાવરકુંડલાના હાથસણી રોડ ઉપર રાધેશ્યામ સોસાયટીમાં રહેતા વિજય લખમનભાઈ રાઠોડ નામના આરોપીને પકડી પાડી તેની પાસેથી કિશન રૂપારેલનો ચોરી થયેલો મોબાઈલ જપ્ત કરી મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ચોરી થયેલા મોબાઈલ ફોન શોધવાની કામગીરી સાવરકુંડલા ટાઉન પી.આઈ. પરમારના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. કે.બી. ગઢવી, પો.કો. મહેશભાઈ ગિર્જાશંકરભાઈ પો. કો. ગૌરવભાઈ જીલુભાઈ, પો. કો. ઉદયભાઈ માધુભાઈએ કરી હતી.

## પ્રધાનમંત્રીને શુભકામના પાઠવી

# સાવરકુંડલા : ભાજપ અગ્રણીએ કિસાન નિધિ આપવા બદલ આભાર વ્યકત કર્યો

**ભાજપ અગ્રણી સુરેશ પાનસુરીયા ખુશ થયા**

સાવરકુંડલા, તા. ૧૦

ભારતીય જનતા પાર્ટી અને એના.ડી.એ ની સરકાર હંમેશા ખેડૂતોના હિતમાં નિર્ણય કરતી હોય છે ત્યારે ખેડુતોના હિત માટે હંમેશા તત્પર માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકેના શપથ વિધિ ગ્રહણના બીજા જે દિવસે પ્રધાનમંત્રી તરીકેનો ચાર્જ સંભાળતાની સાથે જ ખેડૂતોના હિતમાં ઐતિહાસિક નિર્ણય લઈ કિસાન સન્માન નિધિનો ૧૭ હપ્તો રિલીઝ કર્યો છે તેના કારણે દેશના અંદાજીત નવ કરોડ ત્રીસ લાખથી વધુ ખેડૂતોના ખાતમાં સીધા જ રૂપિયા જમા થશે, આ નિર્ણયને આવકારી ખેડૂતોના કલ્યાણ માટે હંમેશા સમર્પિત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને અમરેલી જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને રાષ્ટ્રહિતના માટે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનાઅ નેતૃત્વ હેઠળની એન.ડી.એ સરકારને શુભકામનઓ પાઠવી હતી.

# બાબરા પંથકમાં ભારે પવનથી વીજપોલ પડુ–પડુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૦

બાબરા તાલુકાના સમઢીયાળા રાયપર રોડ ઉપર પવનચકકીના રોડની સાવ નજીક ઉભો કરેલ વીજપોલ ભારે પવનની આંટી આવતા નમી પડયો હતો.




## અગાઉ શાપર પોલીસ સ્ટેશનમાં અરજી આપતા

# ચલાલામાં રહેતી પરિણીતાને ઘરે આવીને ૩ ઈસમોએ તોડફોડ કરી

**પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૦

ચલાલા ગામે રહેતી એક પરિણીતા અપરણીત હતા તે વખતે શાપર ગામે તા.કોટડા (સાંગાણી) ખાતે તેણીના પાલક પિતા આરોપી હરેશભાઈ રાણાભાઈ સોલંકીએ તેણી સાથે દુષકર્મ કરેલ હતું. અને આ બાબતની જાણ કોઈને નહી કરવા તેણીને ધાક ધમકી આપેલ હતી. જે બાબતેની લેખીત અરજી તેણીએ જે તે સમયે શાપર પોલીસ સ્ટેશનમાં આપેલ હોય, તે વાતનું મનદુઃખ રાખી આરોપી હરેશભાઈ રાણાભાઈ સોલંકી, રાકેશભાઈ હેમંતભાઈ સોલંકી (રહે.બંન્ને ખંભાળીયા, તા.ભેસાણ) તથા એક અજાણયો ઈસમે તા.૯ ના સાંજે ૫ વાગ્યાના દરમ્યાન ચલાલા ગામે આવી ભોગ બનનારના રહેણાંક મકાને છરી તથા લાકડાના ધોકા લઈ આવી અને રહેણાંક મકાનના બારી દરવાજા હથિયારો વડે તોડી નાંખી મિલ્કતને નુકશાન કરી તેણીને જેમ ફાવે તેમ ગાળો આપી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

**પ્રવેશની ઉત્તમ તક...**

ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં
૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

મો.૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org

## મુળદાસબાપા ચોકમાં માર્ગનું કામ શરૂ હોય એક માર્ગીય વાહન વ્યવહાર હોવાથી

# અમરેલીનાં નાગનાથ બસ સ્ટેન્ડ નજીક ભયાનક ટ્રાફિક સમસ્યા

**સોમવારે સવારે ૯ કલાકે વાહનોની એટલી ભીડ એકત્ર થઈ છતાં એકપણ ટ્રાફિકકર્મી જોવા ન મળ્યા**

**છેલ્લા ૧૦ દિવસથી એક માર્ગીય વાહન વ્યવહાર શરૂ હોવા છતાં પુરતી વ્યવસ્થા કરવામાં આવતી નથી**

**એક તરફ ખાનગી વાહનો, બીજી તરફ આડેધડ વાહન પાર્કિંગ છતાં તંત્રને કોઈ ફર્ક પડતો નથી**

**નાગનાથ મંદિરમાં અવરજવર કરતાં ભક્તજનોને દર્શન કરવા જવામાં મુશ્કેલી**



અમરેલી, તા. ૧૦

અમરેલી શહેરનાં નાગનાથ બસ સ્ટેન્ડ વિસ્તારમાં આજે સવારે ૯ કલાકે ભયાનક ટ્રાફિક સમસ્યા ઉભી થઈ. ટુ વ્હીલરથી લઈને એસ.ટી. બસની હારમાળા સર્જાઈ અને કયાં કેવી રીતે આગળ વધવું તેની કોઈ વહનચાલકને ખબર પડતી ન હતી અને આવા કપરા સમયે પણ એકપણ ટ્રાફિકમેન કયાંય જોવા ન મળતાં વાહનચાલકોમાં નારાજગીનો માહોલ ઉભો થયો હતો.

અમરેલીનાં મુળદાસબાપા ચોકમાં માર્ગનું કામ શરૂ હોવાથી નાગનાથ મંદિરનાં મુખ્ય દબવાજા પાસેથી આવન-જાવન વાહનોની છેલ્લાા ૧૦ દિવસથી શરૂ છે અને આજે સોમવાર હોવાથી સ્વાભાવિક રીતે સવારનાં ટ્રાફિક રહેતો હોય છે. નજીકમાં જ નાગનાથ મંદિર, નાગનાથ બસ સ્ટેન્ડ, બેન્ક જેવા સ્થળો હોવા છતાં એકપણ ટ્રાફિકકર્મી કયાંય નજરે ચડયો ન હતો.

નાગનાથ બસ સ્ટેન્ડમાં ખાનગી વાહનોનો જમેલો અને બંને બાજુથી કતારબંધ વાહનોની અવરજવરથી હંમેશા સવાર-સાંજ ટ્રાફિક થઈ રહ્યો છે અને ટ્રાફિકકર્મી કયાંય જોવા મળતા નથી. કયારેય જોવા મળે તો તેઓ મોબાઈલમાં અને મિત્રો સાથે વાતચીતમાં મશગુલ જોવા મળે છે.

આ અંગે અમરેલીનાં ઉચ્ચ અધિકારીઓ એકાદ વખત આકસ્મિક તપાસ કરે તો ખ્યાલ આવે કે વાહનચાલકોની કેવી દશા ટ્રાફિકમેનની નિષ્ક્રીયતાથી થાય છે.

### સાવરકુંડલા નજીક આવેલ મઢડા ગામે જુગાર રમતાં ૭ પત્તાપ્રેમીઓની અટકાયત

**પોલીસે રૂપિયા ૧૦૦૫૦ કબ્જે કર્યા**

અમરેલી, તા. ૧૦

સાવરકુંડલા તાલુકાના મઢડા ગામે રહેતા સંજયભાઈ રવજીભાઈ ખેરાળા, મેહુલભાઈ મગનભાઈ ચવાણ, સંજયભાઈ હમીરભાઈ ચૌહાણ, ભાવેશભાઈ નથુભાઈ બુધેલા, ભરતભાઈ મેરામભાઈ બુધેલા, નીતીનભાઈ ગોબરભાઈ સરવૈયા સહિતના ઈસમો તા. ૮ ના રાત્રીના ૧૦:૫૦ વાગ્યે મઢડા ગામે પ્લોટ વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા હોય. પોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧૦,૦૫૦ના મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

Shine versary આભાર ગુજરાત HONDA
*સ્કીમ ઓફર ટુંક સમય માટે જ..
95%
ANNIVERSARY Offer ₹5000 કેશબેક
5999/-
9.50%
ફ્રી હેલ્મેટ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી.

Navnit MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ કેશલેશની સગવડ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

YAMAHA RACING યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઇક
FZS-FI lord of the streets
Side Stand Engine cut-off Switch | Light Weight 135kg | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪

Hero GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero Near Gopi Cinema, Station Road, Amreli-365601

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ 100% કોમર્સ
ધોરણ 11-12 કોમર્સ (ગુજરાતી માધ્યમ)
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા
વિદ્યાર્થી મિત્રો,, વાલી શ્રી..
શું ધોરણ 10 માં PR આપના સંતાન ને ઓછાં આવ્યાં છે ?? | નબળા પરિણામ થી નિરાશ છો ??
ધોરણ 10 કરતા ધોરણ 12 કોમર્સ માં ઉચ્ચ PR લાવવા માંગો છો.??
નબળા વિદ્યાર્થીઓનું સબળું પરિણામ લાવી આપવાની ખાત્રી આપતી કોમર્સ સ્કૂલ.
એક વાર અમારી અવશ્ય મુલાકાત લ્યો..



| ધો.10 P.R. આધારીત સ્કોલરશીપ | |
|---|---|
| ધો. 10 P.R. | ફીમાફી |
| A1 Grade | 100% |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R. સુધી | 20% |
| 85 થી 90 P.R. સુધી | 15% |
| 65 થી 85 P.R. સુધી | 10% |
| 50 થી 65 P.R. સુધી | 05% |



બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા Free માંજ આપવામાં આવશે
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓઃ
→ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
→ ધોરણ 11/12 માં દરેક વિષયનું 900 માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો.. | નિકુંજ ગઢવાલા ૯૧૦૬૬ ૩૪૪૨૬ | ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી

### પીએમ આવાસ યોજનાને વધુ લંબાવવા પીએમઓની બેઠકમાં નિર્ણય

# જ્યાં કોઈ નથી પહોંચ્યું, ત્યાં આપણે દેશને પહોંચાડવાનો છે : વડાપ્રધાન

## વિજયના હક્કદાર ભારત સરકારના કર્મચારીઓ પણ છે : સરકારનો અર્થ સામર્થ્ય, સમર્પણ અને સંકલ્પોની નવી ઉર્જા છે : વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા.૧૦

નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવનમાં ગઈકાલે વડાપ્રધાન પદના શપથગ્રહણ કરવાની સાથે ૭૨ મંત્રીઓએ પણ શપથ લીધા હતા. ત્યારે હવે આ તમામ મંત્રીઓને મંત્રાલયોની વહેંચણીની ચર્ચાઓ થઈ રહી છે. ત્યારે વડાપ્રધાન નિવાસસ્થાને આજે મોદી કેબિનેટની પ્રથમ બેઠક શરૂ હતી. પીએમઓમાં ચાલી રહેલી બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્મચારીઓને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, આપણે આવનારા વર્ષોમાં વૈશ્વિક માપદંડો પર પણ કામકરવાનું છે. જ્યાં કોઈ પહોંચ્યું નથી, ત્યાં આપણે આપણા દેશનો પહોંચાડવાનો છે. તેમણે કહ્યું કે, હું શરૂઆતથી જ પ્રયાસો કરતો રહ્યો છું કે, વડાપ્રધાન કાર્યાલય સેવાનો અધિષ્ઠા અને People's PMO (પ્રજાનું વડાપ્રધાન કાર્યાલય) બને. સરકારનો અર્થ સામર્થ્ય, સમર્પણ અને સંકલ્પોની નવી ઉર્જા છે. આપણી ટીમ માટે સમયનું બંધન પણ નથી અને વિચારવાની સીમાઓ પણ નથી તેમજ પુરુષાર્થ કરવા માટેના પણ કોઈ માપદંડ નથી. આ વિજયના સૌથી મોટા હક્કદાર ભારત સરકારના કર્મચારીઓ પણ છે, જેમણે એક વિઝન માટે પોતાને સમર્પિત કરી કોઈ ખામી રાખી નથી. આ ચૂંટણી તમામ સરકારી કર્મચારીઓના ૧૦ વર્ષના પુરુષાર્થ પર મહોર મારશે. આ વિજયના સૌથી મોટા હક્કદાર તમે છો. તેમણે વધુમાં કહ્યું કે, 'જેઓ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે સમર્પિતની ભાવના રાખે, તે તમામને મારું નિમંત્રણ છે. હાલનો સમય મેં જે ૧૦ વર્ષમાં વિચાર્યું હતું, તેનાથી વધુ વિચારવાનો અને કરવાનો સમય છે. હવે જે કરવાનું છે, તે વૈશ્વિક માપદંડોને પાર કરવાનું છે. જ્યાં કોઈ નથી પહોંચ્યું, ત્યાં આપણે દેશને પહોંચાડવાનો છે.

આ બેઠકમાં ખૂબ જ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બેઠકમાં પીએમ આવાસ યોજનાને વધુ લંબાવવામાં આવી છે. પીએમ આવાસ યોજના હેઠળ ત્રણ કરોડ નવા મકાનો બનાવવામાં આવશે તેવું સામે આવ્યું છે. આ પહેલા ૪.૨૧ કરોડ ઘર બની ચૂક્યા છે. સોમવારે મોદી કેબિનેટની પ્રથમ બેઠક મળી હતી, જે અંતર્ગત આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આજે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ૩ કરોડ વધારાના ગ્રામીણ અને શહેરી પરિવારોને મકાનોના નિર્માણ માટે સહાય પૂરી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી લાયક પરિવારોની સંખ્યામાં વધારો થવાથી ઉદ્ભવતી આવાસની જરૂરિયાતોને પહોંચી શકાય. ભારત સરકાર ૨૦૧૫-૧૬ થી લાયક ગ્રામીણ અને શહેરી પરિવારોને પાયાની સુવિધાઓ સાથેના મકાનો બાંધવા માટે સહાય પૂરી પાડવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો અમલ કરી રહી છે. PMAY હેઠળ, છેલ્લા ૧૦ વર્ષમાં આવાસ યોજનાઓ હેઠળ પાત્ર ગરીબ પરિવારો માટે કુલ કુલ ૪.૨૧ કરોડ મકાનો પૂર્ણ કરવામાં આવ્યા છે. PMAY હેઠળ બાંધવામાં આવેલા તમામ ઘરોને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની અન્ય યોજનાઓ સાથે સંકલન દ્વારા ઘરગથ્થુ શૌચાલય, ગૅસ કનેક્શન, વીજળી કનેક્શન, ઘરગથ્થુ નળ કનેક્શન વગેરે જેવી અન્ય મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ૩૦ કેબિનેટ મંત્રી, પાંચ રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને ૩૬ રાજ્યમંત્રીઓએ શપથગ્રહણ કર્યા હતા. સૂત્રો પાસેથી એવી પણ માહિતી સામે આવી છે કે, ભાજપ મહત્વના મંત્રાલયો નાણાં, ગૃહ, સંરક્ષણ અને વિદેશ મંત્રાલય પોતાની પાસે જ રાખશે. જ્યારે અન્ય મંત્રાલયોમાં એનડીએના સાથી પક્ષોનો સમાવેશ કરવામાં આવી શકે છે. આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેબિનેટમાં ભાજપના ૨૫ અને સાથી પક્ષોના પાંચ મંત્રીઓને મંત્રી પદ ફાળવવામાં આવ્યા છે. નવી સરકારે શપથગ્રહણ કર્યા બાદ આજે મોદી કેબિનેટની પ્રથમ બેઠક થઈ હતી, જેમાં શિવરાજ સિંહ ચૌહાણ (મધ્યપ્રદેશ), રાજનાથ સિંહ (ઉત્તર પ્રદેશ), મનોહર લાલ ખટ્ટર (હરિયાણા), સર્બાનંદ સોનોવાલ (આસામ), એચડી કુમારસ્વામી (કર્ણાટક) અને જીતન રામ માંઝી (બિહાર) સહિતના દિગ્ગજ સાંસદો ઉપસ્થિત રહ્યા હતા.

### રાષ્ટ્રપતિ ભવનનો વીડિયો સામે આવતા આશ્ચર્ય

# શપથગ્રહણ સમારોહમાં દેખાયું રહસ્યમય પ્રાણી !

## રાષ્ટ્રપતિ ભવનની સુરક્ષાને લઈને પણ સવાલો ઉઠયા

નવી દિલ્હી, તા.૧૦

નરેન્દ્ર મોદી દેશના ત્રીજી વખત વડાપ્રધાન બની ગયા છે. તેમણે ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં શપથગ્રહણ કર્યા હતા. તેમની સાથે ૭૨ મંત્રીઓએ પણ શપથ લીધા હતા. આ સમારોહમાં દેશ-વિદેશના દિગ્ગજ નેતાઓ, બોલિવૂડ કલાકારો, વેપાર-જગતના હસ્તીઓ સહિત છ હજારથી વધુ મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

જોકે સમારોહમાં એક રહસ્યમય પ્રાણી પણ ત્યાં ટહેલતો હોવાનો વીડિયો સામે આવ્યો છે, જેના કારણે રાષ્ટ્રપતિ ભવનની સુરક્ષાને લઈને પણ સવાલો ઉઠી રહ્યા છે. દીપડાનો વાયરલ થયેલો વીડિયો ૧૨ સેકન્ડો છે, જેમાં શપથ લીધા બાદ મંત્રી દુર્ગાદાસ હસ્તાક્ષર કરતા જોવા મળી રહ્યા છે. આ દરમિયાન તેમની પાછળ રાષ્ટ્રપતિ ભવનની સીડીઓ પર એક રહસ્યમય પ્રાણી પસાર થતું જોવા મળી રહ્યું છે. જોકે આ કયું પ્રાણી છે, તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. પરંતુ એવો અંદાજ લગાવાઈ રહ્યો છે કે, આ દીપડો હતો. જો આ પ્રાણી દીપડો છે, તો રાષ્ટ્રપતિ ભવનની સુરક્ષાને લઈ ચિંતાની વાત છે. જો આ દીપડો જ હતો તો રાહતની વાત એ છે કે, તે મંચ તરફ આવ્યો નથી અને મહેમાનોની ભીડ બાજુ પણ ગયો નથી. આ વીડિયો સામે આવ્યા બાદ લોકો ચર્ચા કરી રહ્યા છે કે, આખરે આ કયું પ્રાણી છે, જે ખુલ્લેઆમ અને તે પણ રાષ્ટ્રપતિ ભવનના મુખ્ય કાર્યક્રમમાં દેખાયો છે.

વીડિયોમાં દેખાતા પ્રાણીના ચિત્ર પરથી એવો અંદાજ લગાવાઈ રહ્યો છે કે, આ લગભગ દીપડો જ હતો. કેટલાક લોકોનું કહેવું છે કે, ત્યાં કદાચ કોઈ પાલતું પ્રાણી છે. જોકે હજુ સુધી આ વીડિયોની કોઈ પુષ્ટી સામે આવી નથી. બીજીતરફ સોશિયલ મીડિયા યુઝર્સો આ વીડિયોની ખરાઈ પર પણ આશંકા વ્યક્ત કરી રહ્યા છે.

### ગુજરાત રાજકારણમાં મુદ્દાનો સવાલ

# પાટીલની મોદી કેબિનેટમાં એન્ટ્રી થતા હવે નવા પ્રદેશ પ્રમુખ કોણ બનશે?

## દેવુસિંહ ચૌહાણ, જગદીશ પંચાલ, આઈ. કે. જાડેજા, બાબુભાઈ જેબલિયા, પ્રદિપસિંહ જાડેજા અને વિનોદ ચાવડાના નામ ચર્ચામાં

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત ભાજપના અધ્યક્ષ સીઆર પાટીલની મોદી કેબિનેટમાં એન્ટ્રી થઈ છે. સી આર પાટીલને મોદીની કેબિનેટમાં સ્થાન મળ્યું છે. નવસારી બેઠક પર ૨૦૦૯થી સતત ચોથી વખત ચૂંટણી જીતનારા સીઆર પાટીલ ૩૫ વર્ષની રાજકીય સફરમાં પહેલીવખત મંત્રી બન્યા છે. અત્યાર સુધીમાં પાટીલ પાસે પક્ષના સંગઠનને લગતા કામો સંભાળતા હતા, પરંતું હવે તેઓ દિલ્હી પહોંચ્યા છે. જોકે, સીઆર પાટીલના મંત્રીપદથી ભાજપના પ્રદેશ પ્રમુખની ખુરશી ખાલી થઈ જશે. સી.આર. પાટીલને કેન્દ્રીય કેબિનેટમાં મંત્રીપદ મળતાં હવે ગુજરાતમાં ભાજપના અધ્યક્ષપદે કોણ રહેશે તે અંગે ચર્ચા શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં ભાજપનું સુકાન કોણ સંભાળશે એ ચર્ચાએ જોર પકડ્યું છે. હાલમાં સીઆર પાટીલ ગુજરાત ભાજપના અધ્યક્ષ છે. કાર્યકરોમાં સીઆર પાટીલની પકડ ખૂબ જ મજબૂત માનવામાં આવે છે. સંગઠનમાં નિર્ણયો લેવામાં તેઓ માહેર ગણાય છે. સી આર પટેલની છાપ ભાજપના એક સમર્પિત નેતા અને કાર્યકર્તાના સ્વરૂપમાં છે અને છેલ્લા ૩૦ વર્ષથી તેઓ ભાજપ સાથે જોડાયેલા છે. ગુજરાતના નવસારીના સાંસદ અને પીએમ નરેન્દ્ર મોદીના નજીકના ગણાતા સીઆર પાટીલે પ્રથમ વખત કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા છે. પાટીલના મંત્રી બનતા જ હવે ગુજરાતના રાજકારણમાં ચર્ચા તેજ બની છે કે, ગુજરાતના નવા પ્રદેશ પ્રમુખ કોણ. સાથે જ ગુજરાત ભાજપના સંગઠનમાં મોટાપાયે ફેરફાર થશે તેવી કાનાફૂસી શરૂ થઈ છે. જો સી.આર. પાટીલને સ્થાને નવા અધ્યક્ષ બનાવાય તો ભાજપના ગુજરાત સંગઠનમાં પણ મોટાપાયે ફેરફારો થશે તેવુ જાણકારોનું કહેવું છે. ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ પદ માટે પક્ષના વરિષ્ઠ અને સંગઠનના અનુભવી નેતાની પસંદગી થાય એવી શક્યતા છે. હાલ પ્રદેશ અધ્યક્ષમાં મુખ્ય ૬ જેટલા નામ ચર્ચામાં છે. આ નામમાં દેવુસિંહ ચૌહાણ, જગદીશ પંચાલ, આઈ.કે.જાડેજા, બાબુભાઈ જેબલિયા, પ્રદિપસિંહ જાડેજા અને વિનોદ ચાવડાનો સમાવેશ થાય છે.

ગુજરાતના દરેક ઝોનમાંથી મંત્રી દક્ષિણ ગુજરાતથી સી.આર. પાટીલ પાટીદાર ચહેરા તરીકે મનસુખ માંડવિયા મધ્ય ગુજરાતથી અમિત શાહ સૌરાષ્ટ્રથી મહિલા પ્રતિનિધિ તરીકે નીમુબહેન બાંભણિયા આમ, આ રીતે સંતુલન સાધવામાં આવ્યું છે હવે મુદ્દાનો સવાલ એ છે કે, પાટીલ મંત્રી બનતા જ ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ કોણ બનશે. હાઈકમાન્ડ કોને પ્રમુખપદ સોંપશે. તો બીજી તરફ, રાષ્ટ્રીય સ્તરે પણ જે.પી.નડ્ડાને કેબિનેટ મંત્રી બનાવાયા હોવાથી અધ્યક્ષ બદલાશે તેવી ચર્ચા શરૂ થઈ છે. એક થિયરી એવ છે કે, ઓબીસી, આદિવાસી કે ક્ષત્રિય ચહેરાને નવા પ્રદેશ પ્રમુખ માટે તક મળી શકે છે. એવી પણ એક થિયરી છે કે, ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસ વધુ મજબૂત બની હોય તેમ લાગે છે. આવી પરિસ્થિતિમાં ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ ઉત્તર ગુજરાતનો કોઈ ઓબીસી ચહેરો પણ હોઈ શકે છે.

### સુરક્ષા કાફલાના ૨ જવાન ઘાયલ

# મણિપુરના સીએમના સુરક્ષા કાફલા ઉપર આતંકી હુમલો

## સુરક્ષા કાફલા પર હુમલો ત્યારે કરવામાં આવ્યો જ્યારે કાફલો હિંસાગ્રસ્ત જીરીબામ જિલ્લા તરફ જઈ રહ્યો હતો

મણિપુર, તા.૧૦

કાંગપોકપી જિલ્લામાં સોમવારે આતંકવાદીઓએ મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહના સુરક્ષા કાફલા પર હુમલો કર્યો હતો. ઝેડ કેટેગરીના સુરક્ષાકર્મીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં અત્યાર સુધી ૨ જવાન ઘાયલ થવાના સમાચાર છે. મણિપુરથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. મુખ્યમંત્રી એન બિરેન સિંહના સુરક્ષા કાફલા પર આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. આ હુમલામાં ૨ જવાન ઘાયલ થયો છે. સીએમના સુરક્ષા કાફલા પર હુમલો ત્યારે કરવામાં આવ્યો જ્યારે કાફલો હિંસાગ્રસ્ત જીરીબામ જિલ્લા તરફ જઈ રહ્યો હતો. સમગ્ર મામલો એવો છે કે સીએમ એન બિરેન સિંહ મંગળવારે જીરીબામની મુલાકાતે જવાના હતા.તેમની મુલાકાત પહેલા સીએમની સુરક્ષા ટીમ ત્યાં જઈ રહી હતી. શંકાસ્પદ આતંકવાદીઓએ ટીમ પર હુમલો કર્યો. સુરક્ષા દળોના વાહનો પર ઘણી ગોળીઓ છોડવામાં આવી હતી, જે બાદ સુરક્ષા દળોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. પોલીસે જણાવ્યું કે હુમલા દરમિયાન ૨ સૈનિક ઘાયલ થયો હતો. આતંકવાદીઓએ શનિવારે જીરીબામમાં બે પોલીસ ચોકીઓ, વન વિભાગની ઓફિસ અને લગભગ ૭૦ ઘરોને આગ ચાંપી દીધી હતી. મુખ્યમંત્રી સિંહ તાજેતરની સ્થિતિની સમીક્ષા કરવા જીરીબામ જવાના હતા પરંતુ તે પહેલા આ સમાચાર સામે આવ્યા હતા. મણિપુરમાં મે ૨૦૨૩માં હિંસા ફાટી નીકળી હતી, ત્યારથી ગોળીબાર અને હિંસા જેવી ઘટનાઓ સતત બની રહી છે. મેઈતેઈ-કુકી વિવાદ હજુ સુધી સંપૂર્ણ રીતે ઉકેલાયો નથી. મણિપુરમાં જાતિય હિંસાને ડામવા માટે ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા હોવા છતાં, તે સંપૂર્ણપણે કાબૂમાં આવી નથી. મેઈતેઈ લોકો મણિપુરની લગભગ ૫૩ ટકા વસ્તી ધરાવે છે અને મુખ્યત્વે ઈમ્ફાલની આસપાસના ખીણ વિસ્તારોમાં વસે છે, જ્યારે આદિવાસીઓ મોટે ભાગે પહાડીઓમાં વસે છે

### ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણી પણ યોજાઈ હતી

# ૫ વિધાનસભા પેટા ચૂંટણીના વિજેતા મંગળવારે ધારાસભ્ય પદના શપથ લેશે

## માણાવદર, પોરબંદર, વિજાપુર, વાઘોડિયા, ખંભાત બેઠક પર પેટા ચૂંટણી યોજાઇ હતી : ભાજપે જીત મેળવી છે

ગાંધીનગર, તા.૧૦

લોકસભાની ચૂંટણી સાથે ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણી પણ યોજાઈ હતી. માણાવદર, પોરબંદર, વિજાપુર, વાઘોડિયા અને ખંભાત બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. આ પાંચેય બેઠકો પર ભાજપે જીત મેળવી છે. ત્યારે આ પાંચેય ચુટાયેલા સભ્યો આવતીકાલે ધારાસભ્ય પદના શપથ ગ્રહણ કરશે.જણાવી દઈએ કે, આ પાંચ ચુટાયેલા સભ્યો માથી ચાર કોંગ્રેસ માથી રાજીનામુ આપીને આવ્યા છે.પોરબંદર વિધાનસભા પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર અર્જુન મોઢવાડિયાએ ૧,૧૬,૮૦૮ મતોથી જીત મેળવી છે. અર્જુન મોઢવાડિયાને ૧,૩૩,૧૬૩ મતો મળ્યા છે. જ્યારે કોંગ્રેસ ઉમેદવાર રાજુ ઓડેદરાને ફક્ત ૧૬,૩૫૫ મત મળ્યાં હતા.

વિજાપુર વિધાનસભા બેઠક પર ભાજપ ઉમેદવાદર સી. જે. ચાવડાનો ૫૬,૨૨૮ મતોથી વિજય થયો છે. સીજે ચાવડાને ૧,૦૦,૬૪૧ મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર દિનેશ પટેલને ૪૪,૪૧૩ મત મળ્યા છે.

વાઘોડિયા વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાનો ૮૨,૧૦૮ મતોથી વિજય થયો છે. ધર્મેન્દ્રસિંહ વાઘેલાને ૧,૨૭,૪૪૬ મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસ ઉમેદવાર કનુભાઈ ગોહિલને ૪૫.૩૩૮ મત મળ્યાં છે.

માણાવદર વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર અરવિંદ લાડાણીનો ૩૧,૦૧૬ મતોથી વિજય થયો છે. અરવિંદ લાડાણીને ૮૨,૦૧૭ મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર હરિભાઈ કણસાગરાને ૫૧,૦૦૧ મત મળ્યા છે.

ખંભાત વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ચિરાગ પટેલનો ૩૮,૩૨૮ મતોથી વિજય થયો છે. ચિરાગ પટેલને ૮૮,૪૫૭ મત મળ્યા છે. જ્યારે કોંગ્રસ ઉમેદવાર મહેન્દ્ર પરમારને ૫૦,૧૨૯ મત મળ્યાં છે. મહત્વનું છે કે, આ તમામ વિજેતા ઉમેદવારો આવતીકાલે વિધાનસભા અધ્યક્ષ સમક્ષ ધારાસભ્ય પદના સોગંદ લેશે હજુ સુધી સત્તાવાર સમયની જાહેરાત કરવામાં નથી આવી પરંતુ મહદ અંશે ૧૨:૩૯ મિનિટે શપથ ગ્રહણ કરે તેવી શક્યતા છે.

### NCP બાદ હવે શિવસેના નારાજ

# ૭ સાંસદો હોવા છતાં ન મળ્યું કેબિનેટ મંત્રાલય

## માંઝી પાસે એક સાંસદ છે, જેડીએસ પાસે બે સાંસદ છે, તેમ છતાં તેમને કેબિનેટ મંત્રાલય મળ્યું છે : શ્રીરંગ બારણ

મુંબઈ, તા.૧૦

અજિત પવાર જૂથની NCPની નારાજગી બાદ હવે એકનાથ શિંદે જૂથની શિવસેનાની નારાજગી પણ સામે આવી રહી છે. પાર્ટીના ચીફ વ્હીપ શ્રીરંગ બારણે કહે છે કે એક તરફ ચિરાગ પાસવાન, જીતન રામ માંઝી અને એચડી કુમારસ્વામીની પાર્ટીને ઓછી બેઠકો મળવા છતાં કેબિનેટ મંત્રાલય આપવામાં આવ્યું છે, તો બીજી તરફ સાત સાંસદો હોવા છતાં તેમની પાર્ટી માત્ર સ્વતંત્ર પ્રભારની સાછે રાજ્ય મંત્રીનું જ પદ આપવામાં આવ્યું હતું. શ્રીરંગ બારણે કહ્યું કે, અમે કેબિનેટમાં સ્થાનની અપેક્ષા રાખતા હતા. ચિરાગ પાસવાન પાસે પાંચ સાંસદ છે, માંઝી પાસે એક સાંસદ છે, જેડીએસ પાસે બે સાંસદ છે, તેમ છતાં તેમને કેબિનેટ મંત્રાલય મળ્યું છે. તો પછી લોકસભાની ૭ બેઠકો મળવા છતા આમ શા માટે? શું શિવસેનાને માત્ર એક જ રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) મળ્યો? શિવસેનાના ચીફ વ્હીપે કહ્યું, અમારી શિવસેનાના સ્ટ્રાઈક રેટને ધ્યાનમાં રાખીને અમને કેબિનેટ મંત્રી પદ આપવું જોઈતું હતું.આમ કહીને શિંદે જૂથના સાંસદ શ્રીરંગ બારણે ખુલ્લેઆમ પોતાની નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે એનડીએના અન્ય ઘટકોમાંથી એક-એક સાંસદ ચૂંટાયા હતા, પરંતુ તેમને કેબિનેટ પ્રધાન પદ આપવામાં આવ્યું છે, તો પછી ભાજપે શિંદે જૂથ પ્રત્યે આવું અલગ વલણ કેમ અપનાવ્યું? શિવસેના સાંસદે કહ્યું કે જો આવું થાય તો પરિવારની વિરુદ્ધમાં આવેલા અને મહાગઠબંધનમાં સામેલ થયેલા અજિત પવારને મંત્રી પદ આપવું જોઈતું હતું. આ ઉપરાંત ભાજપે આ મંત્રી પદ સતારાના સાંસદ ઉદયનરાજે ભોસલેને આપવું જોઈતું હતું. નરેન્દ્ર મોદીની નવી સરકાર રવિવારે (૯ જૂન) શપથ લીધા. આ દરમિયાન,મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજિત પવારની આગેવાની હેઠળની NCPને મોદી કેબિનેટમાં સ્થાન મળ્યું નથી.. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જ્યારે તેમના લોક કલ્યાણ માર્ગ નિવાસસ્થાને સંભવિત પ્રધાનો સાથે બેઠક યોજી ત્યારે NCPમાંથી કોઈ હાજર નહોતું. કહેવામાં આવી રહ્યું છે કે એનસીપી ચીફ અજિત પવાર નવી કેન્દ્ર સરકારમાં સામેલ થવા માટે કોઈ કોલ ન મળવાથી નારાજ છે.તો બીજી તરફ શરદ પવાર જૂથના NCP નેતા રોહિત પવારે અજિત પવાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું, ''અજિત દાદાની શક્તિ ઓછી થઈ ગઈ છે. ભાજપ એવો સંદેશ આપવા માંગે છે કે અમને તમારાથી ફાયદો થયો નથી. અજિત દાદાએ આગળ જતા ભાજપના સિમ્બોલ પર લડવું પડશે. દાદાનો સૌથી વધુ ફાયદો પ્રફુલ્લ પટેલને થયો છે. EDની તપાસ પણ બંધ થઈ ગઈ અને રાજ્યસભા પણ મળી.

### નિમુબેન બાંભણિયાએ પહેલા બોલે મારી સિક્સ

# પ્રથમ વાર સાંસદ બનવા છતા કેમ મળ્યું મોદી કેબિનેટમાં સ્થાન ?

ભાવનગર, તા.૧૦

મોદી કેબિનેટ ૩.૦માં ગુજરાતના એકમાત્ર મહિલા પ્રધાન હશે નિમુબેન બાંભણિયા જેઓ લોકસભાની ચૂંટણી તો પ્રથમ વખત લડ્યા, પરંતુ પહેલી જ વારમાં અગાઉના બે ટર્મના સાંસદના રેકોર્ડ તોડ્યા છે. ભાવનગરમાં ઉન્ડિયા ગઠબંધનના ઉમેદવારને જોરદાર ટક્કર આપી અને હવે કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન મેળવશે.ભાજપે ભાવનગર બેઠક પરથી તળપદા કોળી સમાજમાંથી આવતા નિમુબેન બાંભણીયાને ટિકીટ આપી અન નિમુબેને પહેલી વારમાં જ સિક્સર મારી. ગુજરાતમાં એક તો ભાવનગર અને બીજી ભરૂચ બેઠક પર આપ અને કોંગ્રેસે ગઠબંધન કરી ઈન્ડિયા ગઠબંધન હેઠળ ચૂંટણી લડી. ભાવનગરમાં ભાજપ તરફથી નિમુબેન પ્રથમ વખત લોકસભાની ચૂંટણી લડ્યા. તો ઈન્ડિયા ગઠબંધન તરફથી આમ આદમી પાર્ટીના ઉમેશ મકવાણા મેદાને હતા.ભાવનગર લોકસભા બેઠક પરથી ઊભા રહેલા ભાજપના ઉમેદવાર નિમુબેનને ભવ્ય જીત મળી છે. નિમુબેન છઈઁમા બાંભણિયાને ૭,૧૬,૮૮૩ મત મળ્યા છે. તો તેમની સામે ઊભેલા ઉમેશ મકવાણાને ૨,૬૧,૫૯૪ મત મળ્યા છે.

નિમુબેનને પહેલી જ વારમાં બધાને ચોકાવી દઈ અગાઉના સાંસદ ભારતીબેન શિયાળનો પણ મતોનો રેકોર્ડ તોડ્યો છે. ભાવનગરમાં કોળી સમાજનું પ્રભુત્વ વધુ છે અને તે ત્યાં સ્થાનિક રાજકરણ પર પણ અસર કરે છે.

કોળી સમાજમાંથી આવતા નિમુબેન ૨૦૦૫થી ૨૦૨૦ સુધી સતત ૩ ટર્મ ભાવનગર મનપામાં કોર્પોરેટર રહી ચૂક્યા છે. બે વખત તેઓ મેયર પણ રહી ચૂક્યા છે અને સંગઠનાત્મક કામોમાં તેમની પકડ પણ વધુ મજબુત છે.નિમુબેન શહેર સંગઠનમાં મહિલા પ્રમુખ અને ઉપપિરમુખની જવાબદારી નિભાવી ચૂક્યા છે. સાથે જ પ્રદેશમાં પણ અમરેલી, સુરન્દ્રનગર, ભાવનગર શહેર મહિલા મોરચા તથા જુનાગઢના પ્રભારી પણ રહી ચૂક્યા છે.નિમુબેનની છાપ આદર્શ તેમજ સાલસ વ્યક્તિ તરીકેની છે અને સ્થાનિક રાજકારણમાં જમીની સ્તર પર તેમની પકડ સારી છે. એટલે ચૂંટણી દરમિયાન પણ રાજકોટ, જૂનાગઢ અને અમરેલીમાં નિરીક્ષક તરીકે સેવા આપી ચૂક્યા છે. સાથે જ સેવાભાવી સંસ્થાઓ સાથે પણ જાડોયેલા છે. નિમુબેન અખિલ ભારતીય કોળી સમાજ, નવી દિલ્હીમાં સભ્ય છે. આ સાથે રાષ્ટ્રીય મહિલા મોરચા મહામંત્રી પણ છે. નિમુબેનની છબી સાફ છે અને હવે તેઓ મોદી કેબિનેટ ૩.૦માં ગુજરાતના એકમાત્ર મહિલા પ્રધાન હશે.

### ૪૮ કલાકમાં ચોમાસું ગુજરાતમાં કરશે પધરામણી

# ગુજરાતમાં સાત દિવસ વરસાદની આગાહી કરાઈ

## સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર,નર્મદા, ભરૂચમાં વરસાદની આગાહી

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં હાલ વરસાદી માહોલ છવાયો છે. રવિવારે ગુજરાતના ૭૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમા સૌથી વધુ વરસાદ તાપીના ડોલવણમાં પોણા ૪ ઈંચ જેટલો વરસાદ (૯૦ એમએમ) નોંધાયો હતો. ત્યારે હવામાન વિભાગે આજની આગાહીમાં જણાવ્યુ છે કે, રાજ્યમાં આગામી ૭ દિવસ વરસાદ પડશે. આ સાથે તેમણે જણાવ્યુ કે, આગામી ૪૮ કલાકમાં ગુજરાતમાં ચોમાસું દસ્તક આપશે.

હવામાન વિભાગના મોસમ વૈજ્ઞાનિક, રામાશ્રય યાદવે આજે ગુજરાતના હવામાન અંગે આગાહી કરી છે. જેમા તેમણે જણાવ્યુ છે કે, આજે દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી સામાન્ય વરસાદની આગાહી છે. તેમણે જણાવ્યુ કે, આજે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં વરસાદ થશે આ સાથે સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ ,આણંદ, પંચમહાલ, દાહોદ ,મહીસાગરમાં ગાજવીજ સાથે સામાન્ય વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્રમાં, જુનાગઢ, અમરેલી, ભાવનગર ,ગીર સોમનાથ, બોટાદ, દીવમાં ગાજવીજ સાથે સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે એમ પણ જણાવ્યુ છે કે, મંગળવારે દક્ષિણ અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં છૂટાછવાયા સ્થળો પર હળવો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. સાબરકાંઠા, અરવલ્લ,ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર અને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં તથા સૌરાષ્ટ્રના જુનાગઢ, અમરેલી, ભાવનગર,ગીર સોમનાથમાં વીજળીના ચમકારા સાથે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, ત્રીજા અને ચોથા દિવસે છૂટાછવાયા સ્થળો પર સામાન્ય વરસાદ થઈ શકે છે. નર્મદા,ભરૂચ, સુરત, ડાંગ,નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરાનગર હવેલી તથા જુનાગઢ,અમરેલીમાં વીજળીના ચમકારા સાથે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે.

રામાશ્રય યાદવના જણાવ્યા પ્રમાણે, પાંચમા દિવસે છૂટાછવાયા સ્થળો પર સામાન્ય વરસાદ થઈ શકે છે. સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરાનગર હવેલી જુનાગઢ, અમરેલી, ભાવનગર,ગીર સોમનાથ, દિવમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, છઠ્ઠા અને સાતમાં દિવસે નવસારી ,વલસાડ ,તાપી ,દમણ ,દાદરાનગર હવેલી, અમરેલી, ,ગીર સોમનાથમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે તેમણે ગુજરાતમાં ચોમાસા અંગેની આગાહીમાં જણાવ્યુ છે કે, આગામી ૪૮ કલાકમાં નૈઋત્યનું ચોમાસું દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં પ્રવેશ કરશે.

૧૧ જૂનનો વરસાદનો મેપ - સાબરકાંઠા ,અરવલ્લી ,પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર, હવેલી, જુનાગઢ, અમરેલી, ભાવનગર ,ગીર સોમનાથમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે વરસાદ.

૧૨ જૂનનો વરસાદનો મેપ - નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ભાવનગરમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે વરસાદ.

૧૩ જૂનનો વરસાદનો મેપ - નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ભાવનગરમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે વરસાદ.

૧૪ જૂનનો વરસાદનો મેપ - સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે વરસાદ.

૧૫ જૂનનો વરસાદનો મેપ - નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર, હવેલી, અમરેલી, ગીર સોમનાથમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે વરસાદ.

[redacted]

### ખેડૂત સન્માન નિધિનો હપ્તો જારી કરવામાં આવશે

# મોદીએ વડાપ્રધાનનું પદ સંભાળતા જ ખેડૂતોના હિતમાં લીધો નિર્ણય

## આ નિર્મણથી ૯.૩ ખેડૂતોને થશે લાભ અને લગભગ ૨૦૦૦૦ કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૦

સતત ત્રીજી વખત વડાપ્રધાન પદના શપથ લીધા બાદ પીએમ મોદીએ ખેડૂતો અંગે એક મોટો નિર્ણય લીધો છે. તેમણે સોમવારે ખેડૂત સન્માન નિધિનો હપ્તો જારી કરવાની ફાઈલ પર હસ્તાક્ષર કરી દીધા છે. નવમી જૂને વડાપ્રધાન પદના શપથ લીધા બાદ આજે નરેન્દ્ર મોદીએ કાર્યાલય જઈને ચાર્જ સંભાળ્યો હતો. કાર્યાલયના પ્રથમ દિવસે જ પીએમ મોદીએ ખેડૂતોને કિસાન નિધિ હેઠળ આપવામાં આવતા નાણાં અંગે નિર્ણય લીધો હતો. કુલ ૯.૩ કરોડ લાભાર્થી ખેડૂતોને કુલ ૨૦ હજાર કરોડ રૂપિયાની વહેંચણી કરવામાં આવી છે. પીએમ મોદીએ વડાપ્રધાન ખેડૂત સન્માન નિધિનો ૧૭ હપ્તો જારી કરવાની ફાઈલ પર હસ્તાક્ષર કરી દીધા. તેનાથી ૯.૩ ખેડૂતોને થશે લાભ અને લગભગ ૨૦૦૦૦ કરોડ રૂપિયાનું વિતરણ કરશે.ત્રીજા કાર્યકાળની શરૂઆત કરતાં પ્રથમ નિર્ણય લીધા બાદ વડાપ્રધાન મોદીએ કહ્યું કે અમારી સરકાર ખેડૂતોના કલ્યાણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. એટલા માટે સત્તામાં ફરી આવતા જ તેમના કલ્યાણ માટે પહેલો નિર્ણય કરી રહ્યા છીએ. આગામી સમયમાં પણ અમે ખેડૂતો અને ખેતી ક્ષેત્ર માટે વધુને વધુ કામ કરતા રહીશું. ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણીમાં NDAની જીત બાદ નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદના શપથ લીધા છે. આ ઉપરાંત તેમની સાથે કેબિનેટ મંત્રી તરીકે ૩૦ સાંસદો અને રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) તરીકે પાંચ નેતાઓએ શપથગ્રહણ કર્યા છે. તેમજ મોદી ૩.૦માં રાજ્ય મંત્રી તરીકે ૩૬ નેતાઓનો સમાવેશ કરાયો છે. જવાહરલાલ નેહરુ બાદ નરેન્દ્ર મોદી દેશના એવા બીજા નેતા છે જે સતત ત્રીજી વખત આ જવાબદારી મળી છે. દેશની નવી સરકારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત કુલ ૩૧ કેન્દ્રીય મંત્રી, પાંચ રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને ૩૬ રાજ્ય કક્ષાના મંત્રી સામેલ કરાયા છે

# સાવરકુંડલા : પીર સૈયદ દાદાબાપુ કાદરી સહિતનાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં પત્રકાર ઈકબાલ ગોરીની દીકરીનાં લગ્ન યોજાયા



સાવરકુંડલાના પત્રકાર ઈકબાલ ગોરીની દીકરીના લગ્ન પીર સૈયદ દાદાબાપુ સહિત અનેક મહાનુભાવોની ખાસ ઉપસ્થિતિમાં ધામે ધુમે યોજાયો હતો. સાવરકુંડલા સામાજિક, રાજકીય અને પત્રકારિત્વ ક્ષેત્રે સંકળાયેલા ઈકબાલ ગોરીની દીકરી નમીરાબેનની શાદી સાવરકુંડલા નિવાસી યુસુફભાઈ ચૌહાણના નેક ફરજન મુસ્તુફા ચૌહાણ સાથે ગત તારીખ ૨/૬/૨૦૨૪ ને રવિવારના રોજ મુસ્લિમ સિપાહી જમાત ખાના ખાતે લગ્ન ધામે ધુમે યોજાયેલ હતા. આ લગ્નમાં કોમી એકતાના પ્રતીક પીર સૈયદ દાદાબાપુ કાદરીની ખાસ દુઆ અને અકિલા ન્યુઝ પેપરના મોભી કિરીટભાઈ ગણાત્રા (કિરિટ કાકા) એ સ્પેશલ પધારી આશીર્વાદ પાઠવવા રૂબરૂ પધાર્યા હતા. તેથી ગોરી પરિવારમાં વ્યાપક ખુશી જોવા મળેલ હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહિલા સેલના પ્રમુખ અને ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવાર જેનીબેન, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માઈનોરેટી ડિપાર્ટમેન્ટના ચેરમેન વજીરખાનપઠાણ, માજી કુષી પ્રધાન ધીરૂભાઈ દૂધવાળા, ડો. અલ્તાફભાઈ રાઠોડ, ડો. રવૈયા, અમરેલી એકસપ્રેસના એડિટર મનોજભાઈ રૂપારેલ, મહેન્દ્રભાઈ બગડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માઈનોરેટી વાઈસ ચેરમેન નાસીરખાન પઠાણ, વિધવાન એડવોકેટ અયુબભાઈ શેખ, રૂમીભાઈ શેખ, નગર પતિ મેહુલભાઈ ત્રિવેદી, માજી નગરપતિ વિપુલ ઉનાવા, અમરેલી સિનિયર પત્રકાર હનીફભાઈ ખોખર, જિલ્લાના એડવોકેટ મુજફ્ફર હુસૈન સૈયદ, અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના અગ્રણી એડવોકેટ રફીકભાઈ, સાવરકુંડલાના સિનિયર એડવોકેટ દીપકભાઈ મહેતા, અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શરદભાઈ પંડયા, પ્રતાપભાઈ ખુમાણ, સાવરકુંડલા શહેર ભાજપ ડી. કે. પટેલ, કિરીટભાઈ દવે, રાઘવજીભાઈ સાવલિયા, એડવોકેટ બાબુભાઈ કુબાવત, પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, માજી નગરપતિ રાજુભાઈ દોશી, જયંતિભાઈ વાટલિયા, માણસુરબાપુ, રામદેવસિંહ ગોહિલ, પત્રકાર યશપાલભાઈ વ્યાસ, દીપકભાઈ પાંધી, યોગેશ ઉનડકટ, રવીન્દ્ર યાદવ, કેતનભાઈ બગડા, કેવલ બગડા વિગેરે ભાજપ–કોંગ્રેસ, સામાજિક, રાજકીય, સેવાકીય અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહી દુલ્હા–દુલ્હનને આશીર્વાદ, દુઆઓ પાઠવી હતી અને ગોરી પરિવારના આ શુભ અવસરને રૂડો કરી બતાવેલ હતો.

### તાલુકા કક્ષાની કચેરીની હાલત દયનીય

## લ્યો બોલો : જાફરાબાદની મામલતદાર કચેરી પડવાનાં વાંકે ઉભી જોવા મળી રહી છે

### જવાબદાર વિભાગ ઝડપથી યોગ્ય કાર્યવાહી કરે

જાફરાબાદ, તા. ૧૦

જાફરાબાદની મામલતદાર કચેરી સાવ જુની હોય અને જર્જરિત હાલતમાં હોય અને આ કચેરી હાલતો ખાલી કરી કર્મચારીઓ નાં રહેણાંક મકાનમાં ફેરવી લેવામાં આવી છે. ત્યાં કામગીરી ચાલુ છે. પરંતુ અમુક કામગીરી નાં વિભાગો ઉપરનાં હોય ત્યાં ઉપર સુધી સિનિયર સિટીઝન તથા વિકલાંગ લોકોને ઉપર ચડવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. સિનિયર સિટીઝન લોકો તેઓ પોતાની કામગીરી માટે આવતા હોય પરંતુ ઉપર સુધીનાં પગથીયા મહામુસીબતે ચડવા પડતા હોય છે. અહીં જુની મામલતદાર તથા ઈધરા કચેરી હોય તમામ કામગીરી ઈધરા કોમ્પ્યુટર થતું હોય પરંતુ અમુક કામગીરી માટે ઈધરાથી દુર અમુક વિભાગો કર્મચારીઓનાં રહેણાંક બિલ્ડિંગમાં હોય ત્યાં સુધી સિનિયર સિટીઝનને વધ્ધ લોકોને જવું પડતું હોય છે. અહીં મોટી સંખ્યામાં ગ્રામજનો




, શહેરીજનો તેમજ વિધાર્થીઓ અને મહિલાઓ અને મહિલાઓ સાથે આવતા નાના ભૂલકાઓ નાની મોટી સરકારી કામગીરી માટે આવતા હોય છે. અહીં જુની મામલતદાર કચેરી સાવ જર્જરિત હાલતમાં હોય ગમે ત્યારે ધરાશાયી થઈ શકે તેવી હાલતમાં હોય અને અરજદારો આ કચેરીનાં છાયામાં બેઠાં હોય. આ જુની મામલતદાર કચેરી મોતનાં માંચડા સમાન ઉભી છે, અને પડવું પડવું થઈ રહી હોય અને અરજદારો થી ધમધમતા મામલતદારની જુની કચેરી ધરાશાયી થઈને કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલા તંત્ર દ્વારા આ ઈમારતને જમીનગ્રસ્ત કરવામાં આવશે? કે કોઈ મોટી દુર્ઘટના ઘટે ત્યારે આ જુની મામલતદાર કચેરી ઉતરવામાં આવશે ? જાફરાબાદ શહેરમાં તેમજ આજુબાજુનાં ગ્રામ્ય વિસ્તારોની આ મહેસુલી ખાતું મામલતદાર કચેરી નું નવનિર્માણ ક્યારે અહીં તાલુકા પંચાયત નવી નક્કોર બની છે.

## દુધાળા પશુઓનાં આહાર વિષયક સૂચિ

અમરેલી તા. ૧૦

શરીરના નિભાવ માટે ગાયને એક કિલો તથા ભેંસ ગાયને બે કિલો સમતોલ દાણ આપવું જોઈએ. પાંચ માસની ગાભણ અવસ્થા પછી દૈનિક એક થી દોઢ કિલો વધારાનું દાણ આપવું જોઈએ. પશુને ખોરાકમાં નિયમિત ત્રીસ ગ્રામ જેટલું ક્ષાર મિશ્રણ અને ૨૫ ગ્રામ મીઠું આપવું જોઈએ. દુધાળા પશુને સામાન્ય રીતે દૈનિક ૨૦ કિલો લીલોચારો તથા આઠ થી દસ કિલો સૂકોચારો આપવો જોઈએ. કઠોળ વર્ગમાં રજકા જેવો ઘાસચારો, પૂરતા પ્રમાણમાં આપવાથી, દુધ ઉત્પાદન ઘટાડયા સિવાય, ખાણદાણનો ખર્ચ ઘટાડી શકાય છે. ધાન્ય વર્ગના ચારાજેવા કે મકાઈ, જુવાર, ઓટ, બાજરી, સેઢા –પાળાના ઘાસ છે. જયારે કઠોળ વર્ગના ચારા જેવા કે રજકો, ગુવાર, ચોળ



ા બરસમી અને દશરથ ઘાસ છે. ફકત લીલાચારામાં જ વિટામીન "એ" તથા અન્ય વિટામીન્સ હોઈ પ્રજનન પ્રક્રિયા નિયમિત વિચાણ થાય છે. પશુઓમાં વરોળપણું અને રતાંધળાપણું અટકાવી શકાય છે. ક્ષાર અને પોષક તત્વ પ્રમાસર હોવાથી તંદુરસ્તી અને ઉત્પાદન જાળવી શકાય છે. પશુને હંમેશા જીલ્લા સંઘ દ્વારા બનાવાતું સમતોલદાણ આપો. આ દાણપશુને જરૂરી પોષક તત્વો ધરાવતું હોય છે તથા સસ્તું હોય છે.

### દર વર્ષની જેમ આ વર્ષે પણ

## અરે વાહ : બાબરામાં પાલિકા દ્વારા પ્રિ.મોન્સુન કામગીરી શરૂ કરવામાં આવી

### નદી, નાળાની સફાઈ સહિતની કામગીરી શરૂ કરવામાં આવી



બાબરા,તા.૧૦

બાબરામાં નગરપાલિકા દ્વારા છેલ્લા એક સપ્તાહથી પ્રી. મોન્સૂનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરમાં નદી નાળા તેમજ વોકલા અને નદી કાંઠા વિસ્તારની આસપાસ કચરાનાં ઢગલાને ઉપાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર અને ઉપપ્રમુખ અકુરભાઈ જસાણી દ્વારા જણાવ્યું હતું કે, ચોમાસાને હવે ગણતરીનાં દિવસો બાકી છે ત્યારે નદીમાં પુર નાં પાણી ભરાય નહિ અને જાહેર જનતા ને માલ સમાનને નુકશાન નો આવે તે માટે કાલુભાર નદીની આસપાસ કચરાના ઢગલા ઉપાડવામાં આવી રહ્યા છે. આ સિવાય અને નદી કાંઠા વિસ્તારમાં તેમજ અન્ય વોકલા.ને પણ સાફ કરવા આવી રહ્યા છે જેથી વરસાદનું પાણી સરળતાથી નિકાલ થઈ શકે.

### પાલિકાનાં શાસકો કુંભકર્ણની નિદ્રામાં

## દામનગરમા રખડતા પશુઓ અને બિસ્માર માર્ગની સમસ્યા વિકરાળ

### શહેરજનોની પિડા કોઈને દુર કરવી નથી

દામનગર, તા. ૧૦

દામનગર પાલિકાનાં શાસકોની બેદરકારની કહો કે ઈચ્છા શકિતનો અન્યાય તેનો ભોગ નિર્દોષ શહેરીજનોબની રહયા છે.

શહેરમા રખડતા પશુઓ અને બિસ્માર માર્ગથી શહેરીજનો તોબાપોકારી ગયા હોય શાસકોને શહેરને



બદલે સ્વવિકાસમાં વધારે રસ હોય તેવુ લાગી રહયુ છે

## સાવરકુંડલા પીર સૈયદ દાદાબાપુ કાદરી હજ્જે બયતુલ્લાની સફરે



સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલા પીર સૈયદ દાદા બાપુ કાદરી હાજ્જે બયતુલ્લા સફરે જતાં માનવ મંદિરનાં સંચાલક ભક્તિ રામબાપુએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. કોમી એકતાનાં પ્રતીક અને સૂફી સંત અલ્હજ સૈયદ દાદા બાપુ કાદરી ગઈ કાલે હજજની સફરે જતાં તેઓનું મનોરોગી આશ્રમ નાં સંચાલક ભક્તિ રામબાપુએ શુભેચ્છા મુલાકાત કરી, સન્માન કરેલ હતું અને ભકિત રામબાપુ રાજીપો વ્યક્ત કરેલ હતો.

### અસહ્ય ગરમી વચ્ચે ઠંકડ પ્રસરી

## દામનગર શહેરમાં સતત બીજા દિવસે વરસાદ પડતા સૌ ખુશ

### શહેરીજનોએ વરસાદનો આનંદ માણ્યો

દામનગર, તા. ૧૦

ચોમાસુ ૧૫ જૂન પછી શરૂ થવાની શક્યતા પહેલા ગત રોજ અમરેલી જિલ્લામાં કેટલાક તાલુકાઓમાં વરસેલા વરસાદ થી ગરમીમાં આંશિક રાહત થઈ છે. ભારે ઉકળાટ અને અસહ્ય બફારામાંથી મુકિ મળી છે. આજે બીજા દિવસે સોમવારે બપોર બાદ સમી સાંજે ટાઢોબોળ પવન શરૂ થયો હતા. દામનગરમાં ગત સમી સાંજે વરસેલ મધ્યમ વરસાદ થી – આખું દામનગર શહેર પાણી – પાણી થયું હતું અને સરદાર સર્કલ ચોકમાં આવેલ પાણીને જોવા માટે શહેરીજનો ટોળે વળ્યા હતા.



# અમરેલી ખાતે વિહિપ દ્વારા મહારાણા પ્રતાપના જન્મદિને ભાલા ફેંક સ્પર્ધા યોજાઈ



અમરેલી વિશ્વ હિન્દુ પરિષદ–અમરેલી શહેર બજરંગદળ તેમજ મહારાણા પ્રતાપ સેના દ્વારા મહારાણા પ્રતાપના જન્મ દિવસ નિમીત્તે વિદ્યા સભા સંકુલ ખાતે જાણીતા ઉદ્યોગપતિ દિનેશભાઈ ભૂવાના અપ્રયક્ષ સ્થાને ભાલા ફેંક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેનું ઉદ્દઘાટન જાણીતા સેવા ભાવિ ડોક્ટર રસપૂત્રા સાહેબનાં વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે વિશેષ અતિથિ તરીખે વિશ્વ હિન્દુ પરિષદ ષષ્ઠિ પૂરતીનાં સંયોજક અને જિલ્લા ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, મહારાણા સેનાનાં પ્રદેશ અધ્યક્ષ દિલીપસિંહ ઠાકોર, વિધા સભાના કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, વિશ્વ હિન્દુ પરિષદનાં જિલ્લા અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા ઉપસ્થિતિ રહેલ. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્રનાં અધ્યક્ષ હંસાબેન મકાણી, ભીખુભાઈ જોષી, અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદનાં ઉપાધ્યક્ષ રશ્મિનભાઈ ત્રિવેદી, કોષાધ્યક્ષ ડો.પંકજભાઈ ત્રિવેદી, ડી.જી.મહેતા, માતૃ શક્તિનાં અધ્યક્ષ રમીલાબેન પટોલિયા, જિલ્લા સેવા પ્રમુખ યુવરાજસિંહ પલવાર, આનંદસિંહ પરમાર વગેરે ઉપસ્થિત રહેલ.

આ સ્પર્ધામાં ૧૮થી નીચેનાંમાં ૪૨ અને ૧૮થી ઉપરનાં ૩૫ કુલ. ૭૭ વ્યક્તિએ ભાગ લીધેલ જેમા ૧૮ વર્ષથી નીચેના પ્રથમ નંબરે જાદવ વિશાલ રમેશભાઈ, બીજા નંબરે મયુર ધીઢભાઈ વેગડ, ત્રીજા નંબરે યશ ટંડેલ વિજેતા થયેલ. ૧૮ વર્ષથી ઉપરનાં પ્રથમ નંબરે પ્રિન્સ કુબાવત, બીજા નંબરે મહાવીરભાઈ વીંછિયા અને ત્રીજા નંબરે ઉદયસિંહ રાજપૂત વિજેતા થયેલ. કાર્યક્રમને સફળ બાનાવવા ડો. પંકજભાઈ ત્રિવેદી, મહારાણા સેના અધ્યક્ષ દિલીપભાઈ ડેર, અશોકભાઈ તનવાણી, મહાવીરભાઈ વીંછિયા મહેશભાઈ જલું, કરણ વાઝા, ધ્રુવ ગડાદરા, વગેરેએ જહેમત ઉઠાવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંજયભાઈ પંડ્યાએ કરેલ. વિદ્યા સભાનાં કોચ તરીકે સેવા આપનાર વિપુલભાઈ કોચ, કાર્યક્રમની આભાર વિધિ વિશ્વ હિન્દુ પરિષદ શહેર અધ્યક્ષ પ્રતાપસિંહ રાઠોડે કરેલ.

અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદની ટીમે શહેની ટીમને સુંદર આયોજન કરવા બદલ શુભેચ્છા પાઠવેલ.

# અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાનાં જન્મદિને સેવાકાર્યોની સુવાસ ફેલાઈ



જલારામ મંદિર લીલીયા રોડ ખાતે પ્રસાદીનું આયોજન જેના દાતા તરીકે અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ ટીમ ચતુરભાઈ અકબરી, પ્રમુખ હરેશભાઈ સાદરાણી, કાર્યકારી પ્રમુખ દિનેશભાઈ ભુવા, મહામંત્રી જીલુભાઈ વાળા, મહામંત્રી બાબુભાઈ કાબરીયા, મહામંત્રી મજબૂતસિંહ બસીયા, ઉપપ્રમુખ યોગેશભાઈ કોટેચા, ઉપપ્રમુખ હકુભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ હરેશભાઈ ટાંક, મંત્રી ગીરીશભાઈ, લલીતભાઈ વણજારા, મનીષભાઈ મોરજરીયા, ખજાનીચ મુકુંદભાઈ ગઢીયા, એડવાઈજર લાલભાઈ ગઢીયા, એડવાઈજર યોગેશ ગણાત્રા, પરેશભાઈ પારેખ, એડવાઈજર હસુભાઈ ભાટિયા, એડવાઈજર ગોપાલભાઈ રાજા, સંગઠનમંત્રી નટુભાઈ મસોય, મંત્રી દિપકભાઈ પટેલ સહિત વેપારીઓની હાજરી. અમરેલી તાલુકાના વિવિધ ગામોમાં વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમ. ખીજડીયારાદડીયા ગામે સ્મશાન ગૃહમાં ૩૯ વૃક્ષો વાવીને જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી. તે નિમિત્તે કારોબારી ચેરમેન જે.બી. દેસાઈ, પૂર્વ પ્રમુખ દિલીપ સાવલિયા, પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠિવાળ, તાલુકા ભાજપ મહામંત્રી કાળુભાઈ વાળા, પીપળલગ સરપંચ રણજીતભાઈ, લાલાવદર સરપંચ ચેતન ધાનાણી, ખીજડીયા સરપંચ જાદવ ગળીયા, મોણપુર સરપંચ પ્રકાશભાઈ ભેડા, વીઠલભાઈ ગજેરા, ડી.એન.જે.બી ગજેરા તથા ગ્રામ જનો હાજર રહ્યા હતા. ગૌશાળાએ ગાય માતા માટે લીલી નીરણ, ચારો, વૃક્ષારોપણ માટે રોપાઓનું વિતરણ, વિવિધ સેવાકીય સંસ્થાઓ થકી જરૂરિયાતમંદ માણસોને નાસ્તો અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. દેવરાજ બાબરીયા અને ટીમ દ્વારા અમરેલી શહેરના વિવિધ સ્લમ વિસ્તારના બાળકોને લંચ બોકસ અને વોટરબેગનો સેટ જન્મદિવસ નિમિત્તે અર્પણ. આ તકે દેવરાજભાઈ બાબરીયા, મોણપુર પ્રકાશભાઈ ભેડા, મોનીલભાઈ ગોંડલિયા, અભયભાઈ ડેર, ઋષિભાઈ જોશી, જયરાજભાઈ મયાત્રા, ધ્રુવલભાઈ નીબારક, અભિષેકવાળા, નીરવભાઈ ભાસ્કર, મંથનભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરાનાં સફાઈ કામદારોનાં

તેમજ રેગ્યુલર પગાર અમો વહેલી તકે કરી આપશું દિવસ ૧૫ માં સંતોષકારક જવાબ આપીશું પરંતુ હજુ સુધી સત્તાધીશો દ્વારા કોઈ પણ પ્રકારનો વાયદાનો અમલ કરેલ નથી. જેથી તમામ સફાઈ કર્મીઓને ખોટા વચનો આપીને અમારા વિસને ઠેશ પહોંચાડેલ છે જેથી કરીને વાલ્મિકી સમાજ સફાઈ કામદાર યુનિયન બગસરા દ્વારા ફરી ત્રણ મહિનાના ચડતર પગાર તેમજ જરૂરી પડતર પ્રશ્નોનું નિરાકરણ તત્કાલ કરવામાં નહીં આવે તો તારીખ ૧૮/૬/૨૪ના રોજ તમામ સફાઈ કામદારો દ્વારા બગસરા પાલિકાનાં પટાંગણમાં ધરણા કરવામાં આવશે અને સંપૂર્ણ સફાઈ કામગીરી ઠપ્પ કરવામાં આવશે તેવી નોટિસ સફાઈ કામદારો દ્વારા પાલિકાના હેડ કલાર્કને આપવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## ગુમ થયેલ સગીરા મળી આવી

અમરેલી સીટી પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર કે.કે. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા અમરેલી શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન સુરત ખાતેથી ગુમ થયેલ સગીર વયની યુવતી મળી આવતા તેના માતા–પિતા વિશે પુછપરછ કરતા યુવતી પોતાના વાલી વારસના કે કોઈ સગા વ્હાલાના સંપર્ક નંબર જાણતી ન હોય જેથી યુવતીના માતા–પિતાનો સંપર્ક ન થઈ શકતા મધ્યપ્રદેશ પોલીસનો સંપર્ક કરેલ અને ત્યારબાદ મધ્યપ્રદેશ પોલીસ પાસેથી યુવતીના માતા–પિતાનો સંપર્ક મેળવી યુવતીના માતા– પિતાને સંપર્ક કરી તેમની પુત્રી વિશે જાણકારી આપી અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે બોલાવી તેઓની પુત્રી સાથે સુખદ મિલન કરાવી યુવતીને તેના માતા–પિતાને સોંપી આપવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## મેડિકલ કોલેજનાં સંચાલકોની

તે જુનિયર તબીબ તરીકે જનરલ હોસ્પિટલમાં ૧૨–૧૨ કલાક ફરજ બજાવે ત્યારે રાજયની સરકારી કે અન્ય ખાનગી કોલેજ જુનિયર તબીબને દર મહિને રૂપિયા ૧૮૨૦૦ વેતન આપે અને અમરેલી મેડિકલ કોલેજનાં સંચાલક રૂપિયા ૧૦ હજાર આપની અન્યાય કરતાં હોય ૧૨૦ ઉપરાંતનાં જુનિયર તબીબો અઠવાડીયાથી આંદોલન કરતાં હોય બેથી ત્રણ જુનિયર તબીબોની તબિયત લથડતાં જુનિયર તબીબોનાં વાલીઓ પણ ચિંતામાં મુકાયા હોય એકપણ જનપ્રતિનિધિ જુનિયર તબીબોની મદદે આવતા નથી. જો કે જુનિયર તબીબોનો જુસ્સો અનેરો હોય તેવો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવા મકકમ બન્યા છે.

## સ્વામી વિવેકાનંદ સોસાયટીમાં રહેતા બગસરાનાં અનિલભાઈ ખિરૈયાએ બીમારીથી કંટાળીને ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૧૦, બગસરા ગામે રહેતા અનિલભાઈ ધીરૂભાઈ ખીરૈયા નામનાં ૫૨ વર્ષિય આધેડને આશરે બે વર્ષથી કેન્સરની બિમારી હોય. જે બિમારીથી કંટાળી જઈ તા. ૮ના રાત્રીના ૧૧ વાગ્યે બગસરા ટાઉન સ્વામી વિવેકાનંદ સોસાયટી ખાતે પોતે પોતાની મેળે રૂમમા ચુંદડી વડે ગળાફાંસો ખાઈ જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરાનાં સ્વામીનારાયણ મંદિરનાં

આવતા હતા કે તમારા માતા–પિતા એ તમારા માતા–પિતા છે જ નહિ તમારૂં આ દુનિયામાં સ્વામીનારાયણ સિવાય કોઈ છે જ નહિ. આવા ઉદ્દેશથી આ બંને સાધુઓ દ્વારા બાળકોની મતી ફેરવવાનું કારસ્તાન સામે આવ્યું છે. ત્યારે એક બાળક જે ધુવિલ રસિકભાઈ કટેશિયા (ઉંમર વર્ષ ૧૭) ને બગસરા મંદિરમાંથી ભગાડી દેવામાં આવ્યો હતો ત્યારે તે બાળકના માતા–પિતા રસિકભાઈ દ્વારા સ્વામી મંદિરે જઈ અનેક આજીજી કરી હતી પરંતુ આ બાળકનો પતો ના આપ્યો હતો. છેવટે બાળકના પિતા દ્વારા કોઈના મારફત પતો લાગતા બાળકને લાવવામાં આવેલ હતો. પરંતુ આ બાળકને સ્વામી નારાયણ મંદિરના બે સંતો દ્વારા અનેક ફોન કરવામાં આવે છે અને આ બાળકને ફોન પણ આપવામાં આવ્યો છે અને ફોન દ્વારા તું અહિયાંથી ફરી ભાગી જા જેવા ઉશ્કેરણીજનક ફોન અને મેસેજ કરી રહ્યા છે અને તું જયાં જા ત્યાંથી કેજે હું તને રૂપિયા મોકલી આપીશ. જયારે આ બાળકના પિતા દ્વારા બેબેવાર ભાગી જતાં બાળકને બચાવ્યો હતો અને તેમની પાસેથી મોબાઈલ જપ્ત પણ કરેલ હતો. આ મોબાઈલમાં રૂપિયા સાથે સ્વામીનું કોલ રેકોર્ડિંગ પણ સામે આવ્યું છે. ત્યારે તમામ હરીભકતો તેમજ આ બાળકના પિતા અને પરિવારજનો સાથે મળીને સ્વામી મંદિર ખાતે પહોંચી ગયા હતા અને સ્વામી મંદિરના ગુરૂને આ બાબતે વાત કરી હતી. ત્યારે ગુરૂ લક્ષ્મીપ્રસાદ દ્વારા કહેવામાં આવ્યું કે, અમો જવાબદારી લઈએ છીએ કે હવે પછી સ્વામીનારાયણ મંદિર દ્વારા કોઈપણ સંતનો ફોન નહીં આવે તેવી બાંહેધરી આપી હતી. પરંતુ આ પરિવારના સભ્યો દ્વારા કહેવામાં આવ્યું કે, આ બંને સંતોને આ મંદિરમાંથી હકાલપટ્ટી કરો જેથી કરીને કોઈ બીજા બાળકોને બ્રેઈન વોશ ના કરે. પરંતુ આ મંદિરના ગુરૂ લક્ષ્મીપ્રસાદ કોઈ પણ જવાબ આપ્યા વગર ત્યાંથી નાસી ગયેલ હતા જયારે આ બાબતે તમામ હરિભકતોમાં નારાજગી જોવા મળી હતી. જયારે બગસરા પોલીસ સ્ટેશન ખાતે પણ આ બાળકના પરિવાર દ્વારા તા. ૯/૪ ના જાણવા જોગ અરજી પણ કરવામાં આવી હતી જયારે આ બનાવના પગલે આ પરિવારના સભ્યોની રાતની નીંદર પણ ઉડી ગઈ છે.

જયારે લોકો દ્વારા કહેવામાં આવે છે કે, સ્વામીનારાયણ મંદિર દ્વારા આવું કૃત્ય કરવામાં આવે તો સ્વામી મંદિરે કોઈપણ બાળકને મોકલતા અચકાવવું પડે છે. તો આ બંને સાધુઓને અહીંયાથી હકાલ પટ્ટી કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે. આવા આ બંને સાધુ દ્વારા આવા હિનકૃત્ય વિરૂધ્ધ સ્વામીનાયારણ સંપ્રદાયને ધબ્બો લાગી ગયો છે. તો તત્કાલ આવા સાધુને અહીયાથી હકાલપટ્ટી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં મેઘરાજાનું

આગમન થવા પામેલ હતું. બાબરા તાલુકાના ચરખા, નિલવડા, તાઈવદર, કરિયાણા, દરેડ સહિત મોટાભાગનાં ગામડાઓમાં ધોધમાર વરસાદ પડયો હતો. વાવણી લાયક વરસાદ પડી જતાં જગત તાત ખુશ જોવા મળી રહયો હતો.

જયારે બાબરા તાલુકાના ત્રંબોડા ગામે એક બોલેરો ગાડી પાણીમાં તણાઈ જવા પામી હતી. ત્યારે આ ફોરવ્હીલ તણાતા વહીવટીતંત્ર અને ફાયર વિભાગ દ્વારા રેસ્કયુ ઓપરેશન કરવામાં આવ્યું હતું. તે વખતે કાંટાળી ઝાડીમાંથી બોલેરો કારનો ડ્રાઈવર અમરારામ જાટનો મૃતદેહ મળી આવ્યો હતો. જેને ફાયર વિભાગ દ્વારા ૨૪ વર્ષીય રાજસ્થાની ડ્રાઈવરનો મૃતદેહ બહાર કાઢી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલ હતો. આમ પ્રથમ વરસાદે બાબરા પંથકમાં રાજસ્થાની યુવકનો ભોગ લીધો હતો.

આ ઉપરાંત લીલીયા પંથકમાં પણ ગઈકાલે વરસાદની શરૂઆત થવા પામેલ હતી. લીલીયા તાલુકાના ગ્રામીણ વિસ્તારના નાના કણકોટ, શાખપુર, નાના રાજકોટ સહિતના ગામોમાં વરસાદ વરસાદ પડતાં લીલીયાના ગામડાઓમાં નાની નદીઓ વ્હેતી થવા પામેલ છે.

ખાંભા ગીરના ગામડાઓમાં પણ ગઈકાલે કરા અને પવન સાથે ધોધમાર વરસાદ પડયો હતો. ખાંભા શહેરમાં પણ જોરદાર પવન સાથે ધોધમાર વરસાદ પડયો હતો. આ ઉપરાંત ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના લાસા, ગીદરડી, ધાવડીયા, તાતણીયા, ખડાધાર, બોરાળા, ડેડાણ, હનુમાનપુર, તાલડા, દલડી, જામકા સહિત ગામોમાં પવન સાથે વરસાદ પડયો હતો. ત્યારે ગીરના ગામડાઓમાં મેઘરાજાની પધરામણીથી ખેડૂતોમાં ખુશી છવાય જવા પામી છે. ત્યારે ગઈકાલે ખાંભા ગીર પંથકમાં અસહ્ય ગરમી બાદ પવન સાથે વરસાદ પડતા વાતાવરણના ઠંડક પ્રસરી જવા પામી છે.

સાવરકુંડલા તાલુકાના ગ્રામીણ પંથકમાં પણ ગઈકાલે મેઘરાજા મહેરબાન થયા હોય તેમ સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ઘોબા, પીપરડી, ફિફાદ, થોરડી ગામોમાં પવનના સૂસવાટા સાથે શરૂ વરસાદ થવા પામેલ હતો. લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગઈકાલે મેઘરાજાનુ આગમન થવા પામેલ હતું. જયારે લાઠી તાલુકાના દામનગર પંથકમાં ધીમીધારે વરસાદ શરૂ થયા બાદ દામનગર શહેર તેમજ ઠાસા, ભટ્ટવદર, સુવાગઢ સહિતના વિસ્તારમાં વરસાદ પડયો હતો.

અમરેલી જિલ્લા ફલડ કંટ્રોલ રૂમ ખાતે આજે સવારે છ વાગ્યા સુધીમાં બાબરામાં ૭૪ મી.મી, લાઠીમાં ૪૫ મી.મી, લીલીયામાં ૧૫ મી.મી, બગસરામાં ૧૨ મી.મી. તથા સાવરકુંડલામાં ૨ મી.મી તથા ખાંભામાં ૧૪ મી.મી વરસાદ નોંધાયો છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૫ | ૧૩૭૬ |
| ૨ | મગફળી | ૧૦૦૧ | ૧૧૩૮ |
| ૩ | ઘઉં | ૩૯૦ | ૫૦૧ |
| ૪ | ચણા | ૧૧૧૨ | ૧૩૦૦ |
| ૫ | મગ | ૧૩૮૦ | ૧૬૦૦ |
| ૬ | તલ | ૨૨૦૦ | ૨૩૪૧ |
| ૭ | બાજરો | ૩૫૫ | ૩૮૬ |
| ૮ | તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૯ | રાઈ | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ૧૦ | મેથી | ૧૦૭૫ | ૧૦૭૫ |
| ૧૧ | સોયાબીન | ૭૭૫ | ૮૫૨ |
| ૧૨ | શીંગફાડા | ૧૨૨૫ | ૧૪૩૫ |
| ૧૩ | શીંગદાણા | ૧૩૪૦ | ૧૯૪૦ |
| ૧૪ | ધાણા | ૧૨૦૦ | ૧૨૪૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૪ | ૧૪૮૯ |
| ૨ | મગફળી | ૧૦૬૦ | ૧૧૪૦ |
| ૩ | ચણા | ૧૧૭૬ | ૧૩૨૪ |
| ૪ | જીરૂ | ૪૫૩૦ | ૫૫૦૦ |
| ૫ | ઘઉં | ૪૯૪ | ૫૦૬ |
| ૬ | તલ સફેદ | ૨૪૧૫ | ૨૫૨૫ |
| ૭ | જુવાર | ૬૧૦ | ૮૧૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૧ | ૧૪૨૫ |
| ૨ | ચણા | ૧૦૮૫ | ૧૨૭૫ |
| ૩ | જુવાર સફેદ | ૮૦૦ | ૮૫૧ |
| ૪ | જુવાર પીળી | ૪૦૦ | ૫૧૬ |
| ૫ | મગફળી | ૧૦૦૩ | ૧૧૦૧ |
| ૬ | તલ સફેદ | ૨૨૭૫ | ૨૪૭૧ |
| ૭ | સોયાબીન | ૮૨૧ | ૮૨૧ |
| ૮ | ધાણા | ૧૦૦૧ | ૧૦૦૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૧૯૨ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૨૬૭ |
| ૩ | શિંગદાણા | ૧૫૭૦ | ૧૭૦૫ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૦૦ | ૧૫૯૨ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૬૪૬ |
| ૬ | તલ કાળા | ૨૬૫૦ | ૩૨૦૩ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૪૦૦ | ૩૦૪૦ |
| ૮ | બાજરો | ૩૬૦ | ૪૪૩ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૮૮૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૬ | ૫૮૭ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૧ | ૫૬૫ |
| ૧૨ | મકાઈ | ૬૨૬ | ૬૨૬ |
| ૧૩ | મગ | ૧૫૨૭ | ૧૬૩૦ |
| ૧૪ | અડદ | ૧૮૫૪ | ૧૮૯૦ |
| ૧૫ | ચણા | ૯૮૦ | ૧૩૨૧ |
| ૧૬ | તુવેર | ૧૧૭૫ | ૨૧૪૫ |
| ૧૭ | કપાસ | ૯૫૦ | ૧૪૬૫ |
| ૧૮ | એરંડા | ૯૯૦ | ૧૦૫૬ |
| ૧૯ | જીરૂ | ૨૫૦૦ | ૫૩૨૫ |
| ૨૦ | રાય | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ૨૧ | ઈસબગુલ | ૨૧૩૦ | ૨૩૫૫ |
| ૨૨ | ધાણા | ૯૯૫ | ૧૪૦૦ |
| ૨૩ | મેથી | ૭૮૦ | ૧૦૮૫ |
| ૨૪ | સોયાબીન | ૭૬૮ | ૮૭૨ |
| ૨૫ | મરચા લાંબા | ૮૨૦ | ૨૪૦૦ |
| ૨૬ | કાંગ | ૯૪૦ | ૯૪૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૧૭૧ |
| ૩ | શીંગ નવી | ૧૧૦૦ | ૧૨૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૨૦ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૨૦૫ |
| ૬ | જીરૂ | ૪૬૦૦ | ૫૬૫૦ |
| ૭ | કપાસ | ૧૩૦૦ | ૧૪૮૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૪ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૬૨ |
| ૧૦ | બાજરો | ૩૭૦ | ૪૮૫ |
| ૧૧ | જુવાર | ૪૨૧ | ૭૮૧ |
| ૧૨ | મગ | ૧૫૫૦ | ૧૭૬૦ |
| ૧૩ | મેથી | ૯૫૦ | ૧૧૦૧ |
| ૧૪ | ચણા | ૧૨૦૦ | ૧૩૩૩ |
| ૧૫ | તુવેર | ૧૭૩૦ | ૨૩૦૦ |
| ૧૬ | અડદ | ૧૭૦૦ | ૧૮૯૮ |
| ૧૭ | ધાણા | ૧૦૫૧ | – |
| ૧૮ | સોયાબીન | ૮૩૦ | ૮૭૩ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૨ | ચણા | ૧૨૪૮ | ૧૩૧૭ |
| ૩ | ધાણા | ૧૨૪૦ | ૧૩૧૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૨૪ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૨ | ૪૯૦ |
| ૬ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૭ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૮ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૨૫ |
| ૯ | સીગફાડા | ૧૩૧૦ | ૧૪૯૦ |
| ૧૦ | સોયીબન | ૭૦૦ | ૮૫૪ |
| ૧૧ | મગ | ૧૪૩૫ | ૧૬૦૧ |
| ૧૨ | અડદ | ૧૫૨૦ | ૧૮૨૫ |
| ૧૩ | મગફળી | ૭૦૦ | ૧૧૪૨ |
| ૧૪ | તુવેર | ૧૧૦૦ | ૧૯૩૫ |
| ૧૫ | એરંડી | ૭૦૦ | ૧૦૭૨ |
| ૧૬ | જુવાર | ૪૦૦ | ૮૨૫ |
| ૧૭ | જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| ૧૮ | ચણાસફેદ | ૧૨૭૨ | ૧૨૭૨ |
| ૧૯ | શીંગદાણા | ૧૫૯૦ | ૧૮૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૬૧ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૦૩ |
| ૩ | તલ કાળા | ૨૭૨૬ | ૨૯૭૦ |
| ૪ | કપાસ | ૧૨૫૧ | ૧૪૯૦ |
| ૫ | બાજરો | ૪૩૫ | ૫૦૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૦ |
| ૭ | જુવાર | ૪૬૦ | ૯૦૦ |
| ૮ | મકાઈ | ૪૭૫ | ૫૦૦ |
| ૯ | મગ | ૧૫૫૧ | ૧૬૦૧ |
| ૧૦ | મેથી | ૮૦૦ | ૮૦૦ |
| ૧૧ | અડદ | ૧૭૨૫ | ૧૮૭૦ |
| ૧૨ | તુવેર | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૩ | ચણા | ૧૨૦૦ | ૧૨૨૯૮ |
| ૧૪ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૫ | એરંડી | ૯૫૦ | ૧૦૪૧ |
| ૧૬ | ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૭ | રજકાબી | ૩૫૦૦ | ૪૧૨૫ |
| ૧૮ | સોયાબીન | ૮૨૫ | ૮૩૫ |

## ભ્રષ્ટાચારીઓ ડામર, કપચી, રેતી સહિત બધુ જ ઓહિયા કરી જાય

# આલે લે : સા.કુંડલા–ખાંભા માર્ગ ગાબડાઓની વચ્ચેથી પસાર થાય છે

ભ્રષ્ટાચારથી બદબદતી માર્ગ–મકાન કચેરીનાં અમુક અધિકારીઓને ટકાવારી વધારવામાં જ રસ છે

કામની ગુણવત્તાં વધારવાનાં બદલે ઘરની તિજારીની રકમ વધારવામાં અધીરા બન્યા

બાંધકામ એજન્સી, ભ્રષ્ટ સરકારી અધિકારી અને બેઈમાન રાજકીય અગ્રણીની ત્રિપુટીનો પાપે વાહન ચાલકો પરેશાન

જનતાજનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બનતા માર્ગ પરથી પસાર થવું એટલે મોતને બોલાવવા જેવું







અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં માર્ગ – મકાન (પંચાયત અને સ્ટેટ) વિભાગમાંભ્રષ્ટાચાર નમનીબલલાની એવી ચુંગાલ બની છે. કે ભ્રષ્ટ અધિકારી, બેદમાન રાજકીય અગ્રણી અને નીતીમતા વગરની બાંધામ એજન્સીની ત્રિપુટીનાં પાપે જનતા જનાદર્નનાં પરસેવાના પૈસાની ઉઘાડી લુંટ થતી હોવાનાં અનેક આક્ષેપો અવાર–નવાર થતાં હોવા છતાં કોઈ તપાસ થતી નથી અને સરકારી નાણા ઘર ભેગા કરવાવાળાનો વાળ પણ વાંકો થતો નથી. 'ખાતો નથી ખાવા દેતો નથી' ની ગુલબાંગો હવે, હાસ્યાસ્પદ બની ગઈ છે. સાવરકુંડલાથી ખાંભા, ઊના, દીવ, ગીર સોમનાથ જવાનો મુખ્ય માર્ગ સાવરકુંડલાના ખાંભા ટી પોઈન્ટ રસ્તા પરથી આ માર્ગ મગરની પીઠ સમાન ખરબચડો બની ગયો છે ને ડામર સ્ટેટ હાઈવે પરથી બહાર આવી ગયા છે ને ડામર જેવું નામ નિશાન આ માર્ગ પરથી નીકળી ગયું હોય તેવો અતિ બિસ્માર માર્ગ બની જતા વાહન ચાલકો પારાવાર પરેશાની ભોગવી રહ્યા છે જયારે ચોમાસું નજીક છે અને વરસાદ થાય ત્યારે આવા માર્ગ પર પાણીના ખાબોચિયાં ભરાવાથી ટુ વ્હીલ વાહનો અકસ્માતે ખાબકી રહ્યા હોવાનું પણ જાણવા મળી રહ્યુ હોય ત્યારે હલકી ગુણવત્તાનો બનેલો માર્ગ ઉબડ ખાબડ બની જતા બાજુમાં ભાડ, વાંકિયા, જીકીયાળી જવાનો માર્ગ પણ સ્ટેટ હાઈવે સમાન વાહન ચાલકો તેબા પોકારી ઉઠે તેવો થઈ જતા વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે.

ચોમાસાના નજીક છે ત્યારે ખાંભા, ઊના, દીવ કે સોમનાથ જિલ્લામાં જવાનો સ્ટેટ હાઈવે નો મુખ્ય માર્ગ તેબા પોકારી ઉઠે તેવી હોય ત્યારે નાનુડી, ભાડ, કોટડા, ઈંગોરાલાના ખેડૂતો ગ્રામીણ માર્ગ પણ ખરબચડો બની જતા તંત્રની લાપરવાહીની પોલ ખુલી જવા પામી છે ને તંત્ર આવી કમરતોડ રસ્તાની મરામત વહેલી તકે નહિ કરે તો અનેક અકસ્માતો આ માર્ગ પર સર્જાવાની શકયતા જોવા મળી રહી છે.

---

### શહેરી વિસ્તારમાં સ્પીડબ્રેકર લગાવવા જરૂરી

## દામનગરમાં સ્પીડબ્રેકરના અભાવે અકસ્માત થવાનો સતત ભય ઉભો થયો

### સફાઈ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા વધારવા માંગ



દામનગર, તા. ૧૦

દામનગર શહેરમાં નગરપાલિકાની હદમાં–સ્થાનિકો અને જીલ્લા પંચાયત હસ્તકના માર્ગો પર તંત્ર સ્પીડ બ્રેકર નહિ બનાવે તોે મોટા અકસ્માતો થવાનોભય રહ્યા કરે છે. છાશવારે અકસ્માતના બનાવો બને છે. છતા સ્થાનિક તંત્રના આંખ મીંચામણા..!!" સતામાં કોઈપણ પક્ષના લોકો હોય, જનતાની સુરક્ષા અને સલામતી માટે જો પ્રતિબધ્ધતા ન હોય તો લોકોને પ્રશાસન ઉપરથી વિશ્વાસ ઓછો થતો રહે છે....!! સેવા અને સમર્પણની ભાવનાથી ચૂંટાતા લોકો જો લોકોની માંગણીઓ પ્રત્યે ઉદાસીન વલત અપનાવતા રહે તો પછી વિશ્વાસ કરતો કોની ઉપર..!! ચૂંટાઈને સતા આવ્યા પછી કોઈપણ પ્રકારનું સ્વાર્થ વગર ગામના તમામ લોકોની સુરક્ષા અને સલામતી તેમજ ધ્યાન રાખવુ તે પ્રથમ નાગરિકની ફરજ હોય છે....!! દામનગર ગામ મોટુ તાલુકાનુ સ્થાન મળવુ જોઈએ તેનામાટે ઈચ્છાશકિત વેચાતી ન મળે..!! રાજકારણ કરવા કરતા સેવા ખૂબ જ મહત્વની હોય છે. તે સમજાય જાય તો તો દરેક ગામ–શહેરોનો વિકાસ થઈ શકે. સતા માટે હોય છે.–સ્વાર્થ સાધવામાટે નહિ..! દામગનર શહેરમાં થોડાક પ્રશ્નો જોઈએ તો નગરપાલિકાની હદમાં અને રાજય સરકાર હસ્તકના માર્ગો પર સ્પીડ બ્રેકરોની જરૂર છે. તે દરેકને ખબર નથી...!! માર્ગો વચ્ચે સ્ટ્રીટ લાઈટનાં થાંભલાઓ ત્યાં ડી વાઈડર નથી..! નગરપાલિકાએ દામનગર શહેરમાં એકપણ જગ્યાએ પીવાના પરબ શરૂ કર્યા નથી. પેવર બ્લોકના લેવલ નથી.. દર રવિવારે સફાઈ કામગીરીમાં શહેરની શેરીઓો ગલીઓ ગાયબ(અદ્રશ્ય) થઈ જાય છે...!! આ બધા ત્નંત્રને કરવાના હોય કે જનતાએ..!! સ્થાનિક અને જિલ્લાન વહીવટી તંત્રે વચ્ચે સંકલન હોય તો દરેશ પ્રશ્નો અને સમસ્યાઓ સહેલાઈથી ઉકેલી શકાય.. જનતાનો સાથ જરૂરી હોય છે. બિન રાજકીયય રીતે પ્રશ્નો ઉકેલ લાવવામાં આવા એવી લોકોની લાગણી હોય છે...!! એક દિવસમાં આપવામાં આવે છે.

---

## વાસુકી નાગ અને વાસુકી તળાવ અને ઉતરાખંડની ચારધામ યાત્રા



સાવરકુંડલા, તા. ૧૦

કેદારનાથ પાસે જ વાસુકી તળાવ છે; અહીં માન્યતા પ્રમાણે શ્રાવણ પૂનમના દિવસે વાસુકી નાગનાં દર્શન થાય છે બ્રહ્મ કમળ અને પ્રાકૃતિક દશ્ય અહીંની ખાસિયત છે આ દિવસોમાં ઉત્તરાખંડની ચારધામયાત્રા ચાલી રહી છે અને દેશભરથી હજારો ભકો રોજ અહીં પહોંચી રહ્યા છે. મોટાભાગે ભકો આ યાત્રામાં કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી, યમુનોત્રી અને આ મંદિરોના રસ્તામાં આવતા દરેક ધાર્મિક સ્થળ ના દર્શન કરે છે. આ ચારધામોની આસપાસ પણ અનેક એવી જગ્યા છે, જયાંનું પ્રાકૃતિક વાતાવરણ લોકોનો થાક દૂર કરે છે. કેદારનાથ ધામથી સડક માર્ગથી લગભગ ૨૨ કિમી દૂર વાસુકી તળાવ આવેલું છે. વાસુકી તળાવની ખાસ વાત એ છે કે અહીં ઘણાં બ્રહ્મ કમળ જોવા મળે છે. સાથે જ, અહીંનું પ્રાકૃતિક વાતાવરણ ખૂબ જ મનમોહક છે. ચારેય બાજુ બરફના ઊંચા–ઊંચા પહાડ જોવા મળે છે. જે લોકો ટ્રેકિંગ પસંદ કરે છે, તેમના માટે કેદારનાથથી વાસુકી તળાવ સુધીનું ટ્રેકિંગ ખૂબ જ રોમાંચક રહે છે. આ ટ્રેકિંગ લગભગ ૮ કિમીનું રહે છે. વાસુકી તળાવ સાથે જોડાયેલી માન્યતા વાસુકી એક નાગનું નામ છે. વાસુકીના પિતા ઋષિ કશ્યપ અને માતા કદ્રુ હતાં. સમુદ્ર મંથન સમયે વાસુકી નાગને દોરડાની જેમ મંદરાચલ પર્વત ઉપર લપેટવામાં આવ્યાં હતાં. એક તરફથી દેવતાઓએ અને બીજી બાજુથી અસુરોએ વાસુકીને પકડ્યા અને સમુદ્ર મંથન કર્યું હતું. તે વાસુકીનો અહીં વાસ માનવામાં આવે છે અને તેના જ નામથી આ તળાવનું નામ વાસુકી તળાવ પડ્યું છે. અહીંના લોકો કહે છે કે શ્રાવણ પૂનમના દિવસે આ સરોવરમાં વાસુકી નાગનાં દર્શન થાય છે. વાસુકીને નાગરાજ કહેવામાં આવે છે. શ્રાવણ મહિનામાં કેદારનાથને અહીંના બ્રહ્મ કમળ જ અર્પણ કરવામાં આવે છે. વાસુકી તળાવ સાથે જોડાયેલી ખાસ વાત વાસુકી તળાવ ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લાના સોનપ્રયાગ ક્ષેત્રમાં સ્થિત છે. સમુદ્ર તળેટીથી આ તળાવ લગભગ ૪,૧૪૦ મીટરની ઊંચાઈએ આવેલું છે. કેદારનાથ આવતા અનેક ભકો વાસુકી તળાવ ની યાત્રા પણ કરે છે. અહીં આવનાર લોકો કેદારનાથથી પગપાળા કે પછી પાલખી, ઘોડો, ટટ્ટૂ, પિટ્ટૂની મદદથી વાસુકી તળાવ પહોંચી શકે છે. કેદારનાથ પાસે જ શંકરાચાર્યજીની સમાધિ, ભીમશિલા અને શ્રી ભૈરવનાથ મંદિર આવેલું છે. વાસુકી તળાવની યાત્રામાં લગભગ એક દિવસનો સમય લાગે છે. કોશિશ કરવી જોઈએ કે આ યાત્રા દિવસમાં જ પૂર્ણ થઈ જાય. આ રસ્તો રાતની યાત્રા માટે સંપૂર્ણ રીતે સુરક્ષિત નથી. અહીંનું પ્રાકૃતિક વાતાવરણ ખૂબ જ મનમોહક છે. ચારેય બાજુ બરફના ઊંચા–ઊંચા પહાડ જોવા મળે છે. વાસુકી તળાવની સુંદરતા અદભૂત છે કેદારનાથ પછી મુશ્કેલ રસ્તો પાર કર્યા પછી જયારે કોઈ વ્યકિ વાસુકી તળાવ પહોંચે છે તો અહીંનું પ્રાકૃતિક વાતાવરણ જોઈને તેમનો થાક દૂર થઈ જાય છે. વાસુકી તળાવની આસપાસ હિમાલયનાં ઊંચા–ઊંચા પહાડો જોવા મળે છે. અહીંના અસંખ્ય બ્રહ્મ કમળ જોવા મળે છે. વાસુકી તળાવની યાત્રાનો સમય ઉત્તરાખંડની ચારધામ યાત્રા જેવો જ રહે છે. જયારે ચારધામ યાત્રા બંધ થઈ જાય છે ત્યારે વાસુકી તળાવની યાત્રા પણ બંધ કરી દેવામાં આવે છે. વાસુકી તળાવ કેવી રીતે પહોંચી શકાય છે ભારતના કોઈપણ શહેરોમાંથી ઋષિકેશ, દેહરાદૂન, હરિદ્વાર આવીને અહીંથી કેદારનાથ પહોંચી વાસુકી તળાવની યાત્રા કરી શકાય છે. **માહીતી : જયરાજસિંહ ઝાલા**

---

### જિલ્લા પંચાયતના પ્રમુખ અને લાઠીના ધારાસભ્ય દ્વારા

## લાઠીના ધામેલ ગામે રૂપિયા ૧.૭૭ કરોડના ખર્ચે માઈનોર ઈરીગેશન સ્કીમ મંજુર

### ગામજનોમાં ખુશીનો માહોલ ઉભો થયો





લાઠી, તા. ૧૦

અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ અને ભાવી સાંસદ ભરતભાઈ સુતરીયા અને લાઠી/બાબરના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની વારંવાર રજુઆત અને અથાગ પ્રયત્નોના ફળ સ્વરૂપ લાઠી તાલુકાના ધામેલ ગામે રકમ રૂા.૧૭૭ કરોડના ખર્ચે રીસ્ટોરેશન અને સ્ટ્રેન્ધનીંગ ઓફ માઈનોર ઈરીગેશન સ્કીમનું કામ મંજુર થયેલ છે. જેથી આ વિસ્તારના લોકોમાં હર્ષની લાગણી ફેલાયેલ છે. તેમજ આ વિસ્તારના લોકો સાંસદનો અને ધારાસભ્યનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યકત કરેલ છે.

---


## જાફરાબાદમાં આવેલ ટાવરનો ઉપરનો ભાગ નીચે પડે તે પહેલા મરામત કરવા માંગ

જાફરાબાદ, તા. ૧૦

જાફરાબાદના બસ સ્ટેશન સામે આવેલ ટાવરની ઉપર આવેલા એલાઈડી લાઈટના ફોક્સ ગોળસકડી કે જે ઘણા સમયથી મોતના માંચડા સમાન હોય અહીં વાહનોની ભીડભાડ વાળો તેમજ મોટી માત્રામાં રાહદારીઓ અહીંથી પસાર થતાં હોય અનેજાહેર રોડ હોય આ લાઈટનો ટાવર સામે મોટી સંખ્યામાં દુકાનો તથા તેની બાજુમાં કોર્ટ તથા મરીન પોલીસ ચોકી તથા બસ સ્ટેશન અને અહીં પાર્ક કરવામાં આવતા વાહનો અને મોટી સંખ્યામાં મુસાફર જનતાની અવરજવર હોય વચ્ચોવચ ઝળુંબતુ જોખમ આ લાઈટ ટાવર ની ઉપર આવેલ ફોક્સનો ઉપરનો ભાગ પડવું પડવું થતું હોય પરંતુ નગરપાલિકા ના સત્તાધીશો કુંભકર્ણની નિદ્રામાં હોય તેવું અહીં જોતા જ લોકો ને થઈ રહ્યું છે. આ ટાવર ભરચક્ક વિસ્તારમાં હોય અને સાવ બંધ હાલતમાં હોય પરંતુ નગરપાલિકા ના જવાબદાર અધિકારીઓ કોઈ પણ જાતની આ લાઈટના ટાવર બાબતે કામગીરી કરવામાં આવતી નથી પ્રિમોન્સુન કામગીરી પાલિકા ની ટલ્લે ચડી હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે. રાહદારીઓ અહીંથી પસાર થતાં હોય છે. આ ઝળુંબતુ જોખમ પવનના લીધે ઉપરથી તુટી પડે અને કોઈ નાગરિક નો રાહદારીઓ નું મુત્યુ નું કારણ બનશે તો જવાબદારી કોની ? શું આ બાબતે પાલિકા દ્વારા ઝળુંબતુ અને પવનના લીધે ઝુમતા લાઈટના ટાવરનું અસરકારક કામગીરી કરવામાં આવશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે તેવું રાહદારીઓ માં અનેક ચર્ચાઓ થઈ રહી છે. પવનના લીધે લાઈટના ટાવર ઉપર ફરતુ ફોક્સનુ ચક્ર સાવ લટકતુ હોય પવનના લીધે ધરાશાયી થઈ અને રાહદારીઓતથા વાહનચાલકો નું આ ઝળુંબતુ જોખમ ના લીધે કોઈ મોટી જાનહાનિ થઈ તો જવાબદારી કોની ? શું આ બાબતે પાલિકાના જવાબદાર અધિકારી ધ્યાનમાં લેશે કે તેવું અહીં થી પસાર થતા નાગરિકો માં ચર્ચાઈ રહ્યું છે.

---

# સાવરકુંડલા : પૌત્ર જન્મની ખુશાલીમાં પૂ.દાદાબાપુ સૈયદ દ્વારા આરોગ્ય મંદિર માટે આર્થિક મદદ









**( પ્રતાપ ખુમાણ–સાવરકુંડલા)**

આજે વહેલી સવારે ૪ વાગે સાવરકુંડલાના મુસ્લિમ સમાજના ધર્મગુરૂ અને વ્યસન મુક્તિમાં જેમનું નામ સમગ્ર ભારતમાં સુપ્રસિદ્ધ છે. અને લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર પર જેમની હંમેશા અમી દ્રષ્ટિ રહેલી છે, તેવા દાદાબાપુને ત્યાંથી ફોન આવ્યો કે તેમના પુત્રવધૂને ડીલીવરીનો દુખાવો છે સાથે બીપી વધી જવાની તકલીફ અને હાઈ રિસ્ક ડિલિવરી કરાવવી પડે તેમ છે તો તમે મદદ કરશો ? હોસ્પિટલ એડમીનિસ્ટ્રેટર ડો.પ્રકાશ કટારીયાએ તરત આવી જવાનું કહ્યું. વહેલી ૪.૧૫ વાગે તેઓ આરોગ્ય મંદિર પહોંચ્યા ત્યારે હું તથા આપણા ગાયનેકોલોજીસ્ટ ડો.વંદિતાબેન તેમની ટીમ સાથે હાજર હતા. તપાસ કરી યોગ્ય સારવાર ચાલુ કરાઈ. બીપી વધારે હતું અને પાણી ખૂબ ઓછું તથા બાળકની ડોક ફરતે નાળ હતી. અતિ જોખમી ડિલિવરી હતી. સાથે ગમે ત્યારે સિઝેરિયન કરવું પડે તેવું પણ સમજાવવામાં આવ્યું. પરંતુ ઈશ્વર તથા અલ્લાહ જયાં વસે છે તેવા આરોગ્ય મંદિરમાં આશીર્વાદની વર્ષા હોય તે રીતે ખૂબ મહેનત અને અથાંગ પ્રયત્નો તથા સતત નીરિક્ષણના અંતે ૧૦.૫૩ આસપાસ નોર્મલ ડિલિવરી થઈ અને એકદમ તંદુરસ્ત દીકરાનો જન્મ થયો. આ સમય દરમિયાન દાદાબાપુ બપોરે ૧ વાગે તેમની ધર્મયાત્રા હજ માટે મક્કા મદીના જવાના હતા પરંતુ એટલું રાજીપો થયો કે ફલાઈટ કેન્સલ કરાવી અને તેમણે આરોગ્ય મંદિરની મુલાકાત લેવાનું પસંદ કર્યું. બાપુએ પૌત્રને ધાર્મિક રીતે બધાઈ આપી અને મારી ઓફિસમાં આવી ખૂબ જ રાજીપો વ્યક્ત કરી સંસ્થાનો હૃદયસહ આભાર વ્યક્ત કર્યો અને દિવ્ય આત્મા લલ્લુભાઈ શેઠ સાથેના તેમના સંસ્મરણો તાજા કર્યા. અને અંતે તુલસીપત્ર રૂપે ૫૧૦૦૦/– (રૂપિયા એકાવન હજાર) નું દાન પણ આપ્યું.

## અમરેલીનાં જુનિયર તબીબોની માંગની સતત અવગણના

# મેડિકલ કોલેજનાં સંચાલકોની જોહુકમી સામે નારાજગી

૧૨૦ ઉપરાંતનાં જુનિયર તબીબોનું મેનેજમેન્ટ દ્વારા આર્થિક શોષણ થતું હોવાનો આક્ષેપ

એક અઠવાડીયાથી જુનિયર તબીબો આંદોલન કરે છતાં એક પણ રાજકીય આગેવાન મદદ કરતાં નથી

સત્તા અને સંપત્તિમાં આળોટનારને જુનિયર તબીબની વેદના સામે કોઈ સંવેદના ઉભી થતી નથી

સરકારે શિક્ષણનું ખાનગીકરણ કરીને દેશનાં ભવિષ્યને જોખમમાં મુકી દીધું છે



અમરેલી, તા. ૧૦

અમરેલીનીખાનગીમેડિકલ કોલેજનાં સંચાલકો ધ્વારા જુનિયર તબીબોનેમાસિકવેતન૧૮૨૦૦નેબદલે માત્ર ૧૦ હજાર આપવામાં આવતાં જુનિયર તબીબોએ કલેકટર મારફત મુખ્યમંત્રીસુધીરજૂઆતકરીઅનેછેલ્લા અઠવાડીયાથીબળબળતાતાપમાંગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન શરૂ કર્યુ છતાં મેનેજમેન્ટકેજનપ્રતિનિધિતેમનીમદદ કરવા તૈયાર નથી.

રાજય સરકારને શિક્ષણ અને આરોગ્ય સેવાની જવાબદારી સંભાળવી નથી એટલે બંને મહત્વની સેવાનેમળતીયાઓનેહવાલેકરીદેવાતા રાજયની જનતાને અનેક પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે અને દેશનું ભાવિ ગણાતા બાળકોને પણ આંદોલન કરવાનાંદિવસોઆવીગયાછે.

અમરેલીનીખાનગીમેડિકલ કોલેજમાંએકવર્ષનીફીરૂપિયા૧૫લાખ છે અને જયારે કોઈ યુવાન તબીબ બનવા તરફઆગળવધીરહ્યોછેઅને

અનુસંધાન પાના ૬ ઉપર

### સિટી પોલીસનાં પેટ્રોલીંગ દરમિયાન

## અમરેલીમાંથી સુરત વિસ્તારમાંથી ગુમ થયેલ સગીરા મળી આવી

સગીરાનું માતા-પિતા સાથે પોલીસે મિલન કરાવ્યું

અમરેલી, તા. ૧૦

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષકહિમકરસિંહેઅમરેલીજીલ્લામાં ગુમ/અપહરણ થયેલ બાળકો/ વ્યકિતઓનેશોધવામાટેસુચનાઆપેલ હોયઅનેમીસીંગસેલતરફથીસ્પેશ્યલ મીસીંગ ડ્રાઈવ (ઝુંબેશ) રાખવામાં આવેલ હોય. જે અનુસંધાને અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા સુચના તથા માર્ગદર્શનઆપેલહોય.જેઅન્વયે

અનુસંધાન પાના ૬ ઉપર

### મા-બાપથી બાળકોને દૂર કરવાનું ષડયંત્ર રચાયું હોવાની આશંકા

## બગસરાનાં સ્વામીનારાયણ મંદિરનાં ચૈતન્ય સ્વામી અને સદ્‌ગુણ સ્વામીએ બાળકોનું બ્રેઈનવોશ કર્યાનો આક્ષેપ

એક બાળકનાં વાલીએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અરજી આપી

બગસરા, તા. ૧૦

બગસરા શહેરમાં હાલમાં નવ નિર્માણ પામેલું સ્વામી મંદિર જે પહેલેથીવિવાદસાથેસપડાયેલુંરહ્યુંછે.



ત્યારે આજે ફરી આ સ્વામી મંદિરનો



વિવાદ સામે આવ્યો હતો જયારે આ વિવાદથી હરી ભકતો પણ નારાજ થયા છે.

બગસરા શહેરમાં સ્વામી નારાયણ મંદિરમાં બાળકોની શિબિરો ચાલતીહોયછેઅનેઅનેકપ્રકારનીકથા અને ભજનો ચાલતા હોય છે. ત્યારે એવામાં સ્વામીનારાયણ મંદિરના ચૈતન્ય સ્વામી તેમજ સદગુણ સ્વામી દ્વારા બાળકોનો બ્રેઈન વોશ કરી સાધુ બનાવવામાટેઉશ્કેરવામાંઆવતાહતા અનેબાળકોનેએવાપાઠભણાવવામાં

અનુસંધાન પાના ૬ ઉપર

### શહેરમાંથી ગંદકી દૂર કરવાની ફરજ બજાવનારની સમસ્યા દૂર થતી નથી

## બગસરાનાં સફાઈ કામદારોનાં પ્રશ્નોનું નિરાકરણ કરવામાં શાસકો ઉણા ઉતર્યા : આંદોલનની ચીમકી

૧૮ જૂન સુધીમાં પ્રશ્નોનો નિકાલ ન થાય તો આંદોલન કરાશે





તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૧૦

બગસરા શહેરના સફાઈ કામદારોઘણાસમયથીએકનોએકપ્રશ્ન ઉઠીરહેલછે.ચડતપગારઆપવાતેમજ સાવરણા અને યુનિફોર્મ આ તમામ જરૂરી ચીજ વસ્તુઓ પૂરી પાડવા નગરપાલિકાને સફાઈ કર્મીઓ દ્વારા તારીખ ૧૮/ ૫/ ૨૪ ના રોજ આવેદન આપવામાં આવેલ હતું. જયારે આ આવેદન આપતા નગરપાલિકા પ્રમુખ તથાહેડકલાર્કદ્વારામૌખિકમાંજણાવેલ હતુંકેઆવેદનપત્રનીતમામમાંગણીઓ

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલીનાં જેશીંગપરાનાં રામપરાની ઘટના

## લ્યો બોલો : પુત્રએ પિતા ઉપર મારા લગ્ન કેમ ન કરાવ્યા તેમ કહીને કર્યો હુમલો

પિતાએ પુત્ર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૧૦

અમરેલીના જેસીંગપરા વિસ્તારમાં રામપરાશેરીનં.૫ કબ્રસ્તાનનીઆગળ રહેતાહંસરાજભાઈવાલજીભાઈભુવા નામનાં ૮૦ વર્ષિય વૃધ્ધના દિકરા આરોપી ઘનશ્યામભાઈ હંસરાજભાઈ ભુવાએ તા.૯ ના રોજ સવારે ૯/૩૦ કલાકે પોતાનાઘરે કહેલ કેમનેપરણાવ્યો કેમ નથી ? તેમ કહી પોતાના પિતાને ગાળોઆપીરસોડામાંથીકુકરનુંઢાંકણું લઈ કપાળથી ઉપરના ભાગે માથામાં મારી દઈ ગંભીર ઈજા પહોંચાડ્યાની પિતાએ પુત્ર સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા સીટી પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)